


ચિત્તને ક્યાંક ને ક્યાંક રોકી રાખીને જે સમાધાન કરે છે કે કાંઈ વાંધો નહીં, આપણે કાંઈક ઠીક કરીએ છીએ—એમ માનનારે પોતાના આત્માને ઠગી લીધો છે.

—પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૫ [૫૦૦] * આત્મધર્મ * [અંક : ૧૨ વર્ષ : ૪૨] જૂન,



ગુરુજી કહાન પ્રતાપે જિનવર-વૃન્દ પધારિયા રે,
અગણિત ગુણનિધિના દાતાર પધાર્યા આંગણે રે.

કહાન સંવત-૫
વર્ષ-૪૧
અંક-૧૨
[ ૫૦૦ ]




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સંવત
૨૫૧૧
A. D. 1985
JUNE

## મંગળમાળ શોભી રહી રે

[ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભક્તહૃદયથી પ્રવાહિત ભક્તિગીત ]

[ રાગ : સીમંધરમુખથી ફૂલડાં ખરે... ]

સ્વર્ણપુરીમાં સ્વર્ણરવિ આજ,
પધાર્યા ઋષભ જિણંદ રે,
મંગળમાળ શોભી રહી રે.

નાભિરાજાના લાડીલા સુત અહો!
મરુદેવીમાતાના નંદ રે,
મંગળમાળ શોભી રહી રે.

સુરતરુ સુરમણિ જિનજી પધાર્યા,
ત્રણ ભુવનના નાથ રે,
મંગળમાળ શોભી રહી રે.

રત્નચિંતામણિ દેવ પધાર્યા,
મનચિંતિત-દાતાર રે,
મંગળમાળ શોભી રહી રે.

જુગલયુગાન્તે પ્રથમ તીર્થંકર
થયા ઋષભ-અવતાર રે,
મંગળમાળ શોભી રહી રે.

દિવ્યધ્વનિનાં અમૃત વરસ્યાં,
મુક્તિના ફાલ્યા ફાલ રે,
મંગળમાળ શોભી રહી રે.

ગણધર મુનિવર શ્રાવક શ્રાવિકા,
ફાલ્યા ફાલ મનહાર રે,
મંગળમાળ શોભી રહી રે.

દેવ-દેવેન્દ્ર આજ પ્રભુજીને પૂજે,
રત્ને વધાવે જિનરાજ રે,
મંગળમાળ શોભી રહી રે.

અનંત આનંદ-જ્ઞાનાદિ ઊછળ્યાં,
આશ્ચર્યકારી જગનાથ રે,
મંગળમાળ શોભી રહી રે.

મંગળ પદાર્પણ સ્વર્ણપુરીમાં,
મંગળ વર્ષા થાય રે,
મંગળમાળ શોભી રહી રે.

આવો પધારો પ્રભુ! અમ મંદિરિયે,
હૈડાં ઊછળી જાય રે,
મંગળમાળ શોભી રહી રે.

અનંત ચતુષ્ટયવંતા જિણંદજી,
ગુણરત્નાકર નાથ રે,
મંગળમાળ શોભી રહી રે.

કઈ વિધ વંદું, કઈ વિધ પૂજું,
આંગણે પધાર્યા જિનરાજ રે,
મંગળમાળ શોભી રહી રે.

ગુરુજી-પ્રતાપે પ્રભુજી પધાર્યા,
જયજયકાર ગવાય રે,
મંગળમાળ શોભી રહી રે.

નિશદિન હોજો દેવ-ગુરુજીની સેવા,
સેવકની અરદાસ રે,
મંગળમાળ શોભી રહી રે.

—o—

# સાચા ત્યાગનું સ્વરૂપ

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૧ )

આ શ્રી યોગસાર શાસ્ત્રમાં ૮૨ મી ગાથા ચાલે છે. યોગીન્દુ મુનિરાજ કહે છે પરભાવનો ત્યાગ તે જ સંન્યાસ છે.

જે જાણે નિજ આત્મને, પર ત્યાગે નિર્ભ્રાંત,
તે જ ખરો સંન્યાસ છે, ભાખે શ્રી જિનનાથ. ૮૨.

કોઈ કહે કે ચોથાગુણસ્થાને સમ્યગ્દષ્ટિને ત્યાગ ન હોય. તો જુઓ! અહીં મુનિરાજ કહે છે કે જે પોતાના આત્માને જાણી પુણ્ય-પાપ આદિ પરભાવનો ત્યાગ કરે છે તેને જ ખરેખર સંન્યાસ છે. શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ પોતાનું સ્વરૂપ અને અજીવ તથા વિકારાદિ પરભાવોના સ્વરૂપ વચ્ચે જેને ભેદજ્ઞાન છે તેની દૃષ્ટિમાંથી પરભાવ છૂટી જાય છે. ધર્મી જીવ પોતાના શુદ્ધસ્વરૂપનો આદર કરે છે અને વિકાર તથા સંયોગોનો આદર કરતાં નથી. કેમ કે ધર્મીની દૃષ્ટિમાં વિકાર અને સંયોગોનો ત્યાગ છે. એ જ ખરો સંન્યાસ છે.

આત્મા શુદ્ધ, અરૂપી, આનંદઘન છે. આવા નિજ આત્માની જેને દૃષ્ટિ પ્રગટ થઈ છે એવો ધર્મી જીવ એમ વિચારે છે કે મારે મારાથી ભિન્ન, અન્ય દરેક આત્મા અને જડ પુદ્ગલના સ્કંધો સાથે કાંઈ સંબંધ નથી. જોકે આત્મા સ્વભાવે તો પરદ્રવ્ય-પરભાવના સંબંધથી ત્રિકાળ રહિત છે પણ જેની દષ્ટિમાં આત્મા આવે છે તે વર્તમાન પર્યાયમાં પણ વિકાર અને પરદ્રવ્યથી ભિન્ન આત્માની દષ્ટિ કરે છે. તેને ત્યાગ કહેવામાં આવે છે.

જેમ સંસારમાં પુત્રના લગ્ન કે એવા કોઈ પ્રસંગે બીજા પાસેથી પાંચ-દશ હજારના ઘરેણાં ઉછીના પહેરવા લઈ આવે તેને પોતાની પુંજીમાં નથી ગણતા. તેમ વિકાર તો આગંતુક ભાવ છે તેને ધર્મી પોતાના સ્વભાવ તરીકે સ્વીકારતા નથી. કેમ કે તે કાંઈ ત્રિકાળ ટકનારી ચીજ નથી.

ધર્મી જીવ એમ વિચારે છે કે ધર્મ-અધર્મ, આકાશ અને કાળદ્રવ્યથી પણ હું ભિન્ન છું, જ્ઞાનાવરણાદિ આઠ કર્મથી પણ હું રહિત છું, શરીરાદિ પરદ્રવ્ય કે રાગાદિ વિકારભાવ પણ મારામાં નથી, પાંચ ઇન્દ્રિયોના વિષયની અભિલાષાનો પણ મારામાં અભાવ છે. અસ્થિરતા વશ પાંચ ઇંદ્રિયોના વિષયો પ્રત્યે રાગ આવી જાય

છે પણ તેમાં સુખબુદ્ધિ નથી. તેથી અભિપ્રાયમાં ધર્મીને સર્વ પરદ્રવ્યોનો તથ પરભાવોનો ત્યાગ વર્તે છે.

આગળ આવશે કે 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ' કેવળ ભગવાન-સર્વજ્ઞદેવ એમ ફરમાવે છે કે જ્યાં ચૈતન્ય...ચૈતન્ય....ચૈતન્ય... જાણક...જાણ ....જાણક સ્વભાવી આત્મા છે ત્યાં અનંતગુણ છે. પરમાં, શરીર, કર્મ કે રાગમ આત્માનો કોઈ ગુણ રહેલો નથી. આવું જાણનાર જ્ઞાનીને બહારમાં ક્યાંય સુખ લાગતું નથી

સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી છખંડના અધિપતિ હોય, ૯૬૦૦૦ તો જેને રાણી હોય વૈભવનો કોઈ પાર ન હોય છતાં તેમાં ક્યાંય તેને સુખબુદ્ધિ નથી. જ્યાં સુખ નથ ત્યાં સુખ માને એ તો મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. સમ્યદૃષ્ટિને પોતાના આત્મા સિવાય ક્યાંય સુખબુદ્ધિ નથી. સમ્યગ્દૃષ્ટિ ભલે ભોગ ભોગવતાં દેખાય પણ તેની દૃષ્ટિ પોતાન સ્વભાવના અતીન્દ્રિય સુખ સિવાય ક્યાંય સુખબુદ્ધિ કરતી નથી. એ દૃષ્ટિમાં કેટલ પુરુષાર્થની જાગૃતિ છે! દૃષ્ટિ કહે છે કે મારા આત્મામાં આનંદ છે, ઇન્દ્રિયસુખને હુ સુખ માનતી જ નથી, એ તો દુઃખ છે, ઝેર છે, ઉપસર્ગ છે.

ધર્મી જીવ લૌકિક જ્ઞાન કે શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન નથી કહેતાં. પોતાના સ્વભાવન અતીન્દ્રિય જ્ઞાનને જ જ્ઞાન કહે છે, અને અતીન્દ્રિય સુખને જ સુખ કહે છે. મનથ પાર, રાગથી ભિન્ન, ઇન્દ્રિયથી અતીત-ઇન્દ્રિયાતીત જ્ઞાન અને સુખ છે તે જ વાસ્તવિ જ્ઞાન છે અને તે જ વાસ્તવિક સુખ છે.

લોકો ધૂળ એવા ધનની પાછળ દોડે છે ને! તેમ ધર્મી પોતાનું ધન અંતરમ દેખે છે તેની પાછળ દોડે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ભલે તે સ્ત્રી હોય કે પુરુષ હોય કે આ વર્ષની બાલિકા હોય પણ તે પોતાના અતીન્દ્રિય જ્ઞાન-આનંદસ્વરૂપ ધન પાછળ દો છે. અરે! સમ્યગ્દૃષ્ટિ દેડકું હોય કે હજાર જોજનનો મોટો મચ્છ હોય તે પણ એમ માને છે કે મારી લક્ષ્મી મારી પાસે છે. પુણ્ય-પાપના ભાવમાં કે તેના ફળમાં મળત સંયોગોમાં મારું ધન નથી.

આમ શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની પરભાવના પરમ ત્યાગ છે-સંન્યાસી છે, અને સહજાત્મસ્વરૂપની યથાર્થ પ્રતીતિ વિના બહારથી સંયોગોને ત્યાગ કરે છે તે ખરેખર ત્યાગ જ નથી.

મિથ્યાદૃષ્ટિ શુભરાગમાં લાભ માને છે અને શરીરની ક્રિયાને ધર્મનું સાધ માને છે ત્યારે સમ્યગ્દૃષ્ટિ રાગને રોગ જાણે છે અને એ રોગને ટાળવાનો ઉપાય ક છે. અજ્ઞાની શરીરના રોગને પોતાનો રોગ જાણી તેને ટાળવાનો ઉપાય કરે છે ત્યા નીરોગ સ્વરૂપ આત્માની દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો રાગને રોગરૂપ જાણીને તે ત્યાગવાનો ઉપાય કરે છે. શરીરાદિમાં મારાપણાની બુદ્ધિરૂપ સનેપાતનો રોગ આત્માં

લાગુ પડયો છે તેનું અજ્ઞાનીને ભાન નથી. જ્ઞાનીને એ રોગ નથી પણ પુણ્ય-પાપના ભાવરૂપ ગુમડાં છે તેને ટાળવાનો જ્ઞાની પ્રયત્ન કરે છે.

આત્મા અતીન્દ્રિય આનંદની મોટી ખાણ છે. તેની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા કરતાં અનંત...અનંત...અનંત....અતીન્દ્રિય આનંદ બહાર આવે છે, અનુભવમાં આવે છે. જેમ આત્મા જ્ઞાનમય છે તેમ અતીન્દ્રિય આનંદમય છે. આત્મા પુણ્ય-પાપ કે રાગમય ત્રણકાળમાં નથી. ભાઈ! તું શરીરની તપાસ કરાવે છે પણ એકવાર તારા આત્માની તો તપાસ કર કે તેમાં શું ભર્યું છે?

શ્રીમદે લખ્યું છે ને કે—

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદમય છે એમ નહિ માનતા, આત્માને રાગવાળો, શરીરવાળો, પુણ્ય-પાપવાળો, સંયોગવાળો માનવો એ રૂપ જે ભ્રાંતિ એના જેવો બીજો કોઈ રોગ જગતમાં નથી. એ રોગને ટાળવાનો ઉપાય બતાવનાર સદ્ગુરુ છે. એ સદ્ગુરુ તો ત્યાં સુધી કહે છે કે તું અમારા પ્રત્યે રાગ કરે છે એ પણ રોગ છે.

પ્રભુ! એ રોગ ટાળવાનો ઉપાય શું?

અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

શુદ્ધાત્માનો અનુભવ કરવો એ જ રોગ ટાળવાનો એકમાત્ર ઉપાય છે. તેથી જ જ્ઞાની ધંધા આદિ પ્રવૃત્તિની વચ્ચે પણ અનુભવનો સમય કાઢી લે છે. આત્માનો સ્પર્શ કરીને અનુભવ કરી લે છે એ અનુભવ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તેને બહારની પ્રવૃત્તિ અને સંયોગોથી વૈરાગ્ય આવતો જાય છે, વેપાર આદિ પ્રવૃત્તિમાં ક્યાંય ચેન પડતું નથી. તેથી આત્મામાં વિશેષ લીન થવા માટે ધર્મી જીવ બહારથી સંયોગનો ત્યાગ કરી મુનિ થઈ વનમાં ચાલ્યા જાય છે.

પોતાના આત્માને ઉગ્રપણે સાધવાનો પુરુષાર્થ ઉપડતાં બહારની વસ્તુઓનો ત્યાગ સહજ થઈ જાય છે. જેમ હડકાયું (પાગલ) કુતરું જેને કરડયું હોય તેને પાણી, પવન, ભોજન કાંઈ રુચતું નથી, ક્યાંય ચેન પડતું નથી. તેમ જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અંતર લગની લાગી છે એવા ધર્મી જીવને બહારમાં ક્યાંય ચેન પડતું નથી, રુચિ લાગતી નથી. બોલવું, ચાલવું, વેપાર, આબરુ, મનોરંજન આદિમાં ક્યાંય મન ઠરતું નથી. એક આત્માની લગની લાગી છે તે પોતાના અંતર સ્વભાવમાં ઉગ્રપણે લીન થવા ઘર-વસ્ત્ર આદિ બહારના સંયોગોનો ત્યાગ કરે છે, તેનું નામ નિર્ગ્રંથ કહેવામાં આવે છે.

ધર્મી જીવને અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માની જ્યારથી રુચિ અને પ્રીતિ લાગી છે ત્યારથી શ્રદ્ધામાંથી તો રાગનો ત્યાગ થઈ ગયો છે. રાગ આવે છે તેને રોગ જાણી નાશ કરવાનો પ્રયત્ન કરે છે. ધર્મી જીવને શ્રદ્ધા–જ્ઞાન અપેક્ષાએ તો રાગનો સંન્યાસ (ત્યાગ) ચોથાગુણસ્થાનથી જ થઈ જાય છે. સમકિતી કહે છે અહો! અમને અમારા આત્મા સિવાય બીજે કયાંય રુચતું નથી. શુભભાવ પણ અમને રુચતાં નથી. મિથ્યાદૃષ્ટિને શુભભાવ રુચે છે ને પોતાના સ્વભાવનો અનાદર કરે છે.

૯૨ લાખ માળવાનો અધિપતિ રાજા ભર્તૃહરીએ જ્યારે પ્રાણથી પણ પ્યારી પીંગળાનો માયાચાર જાણ્યો ત્યારે તેને કેવો વૈરાગ્ય આવ્યો હશે! ધર્મીને આખા જગત પ્રત્યે વૈરાગ્ય વર્તે છે. સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાનમાં જ સાચું જ્ઞાન અને વૈરાગ્ય અંતરથી પ્રગટ થઈ જાય છે.

પ્રભુ! તને તારા મહાત્મ્યની ખબર નથી. અનંત...અનંત અતીન્દ્રિય આનંદ–પર્યાયમાં અનંતકાળ સુધી અનંત અતીન્દ્રિય આનંદનો પ્રવાહ વહે તોપણ કદી ખૂટે નહિ એવો મોટો અનંત આનંદનો દરિયો તું પોતે જ છો. ભાઈ! આવા આત્માની એકવાર દૃષ્ટિ પ્રગટ કરતાં રાગનો શ્રદ્ધા–જ્ઞાનમાંથી નાશ થઈ જાય છે. ચારિત્રમાં રાગ આવે છે, પણ તેને જ્ઞાની કાળો સર્પ જાણી તેને ત્યાગ કરવા અને સ્વરૂપમાં વિશેષ વિશેષ સ્થિરતા પ્રગટ કરવા–સ્વાનુભવનો વિશેષ અભ્યાસ કરવા મુનિપણું અંગીકાર કરે છે. મુનિદશામાં વીતરાગતાની વૃદ્ધિ ખૂબ થાય છે.

ભગવાન આત્મા જ્યાં ઉગ્ર પુરુષાર્થ કરીને સ્વરૂપમાં ઠરવાનો અભ્યાસ કરે છે ત્યાં કેવળજ્ઞાન દોડતું આવે છે. આત્માનુભવની ઉગ્રતા કેવળજ્ઞાનને બોલાવે છે ત્યાં કેવળજ્ઞાન દોડતું આવે છે.

આ ગાથામાં સમ્યગ્દર્શન, મુનિદશા અને કેવળજ્ઞાન ત્રણેય ભૂમિકાની વાત આવી ગઈ. હવે ૮૩ ગાથામાં કહે છે કે રત્નત્રયયુક્ત જીવ જ ઉત્તમ તીર્થ છે.

રત્નત્રયયુત જીવ જે, ઉત્તમ તીર્થ પવિત્ર,
હે યોગી! શિવહેતુ એ, અન્ય ન તંત્ર ન મંત્ર. ૮૩.

યોગીન્દ્રદેવ મુનિરાજ ૧૩૦૦ વર્ષ પહેલાં નગ્ન દિગંબર મહાસંત થઈ ગયા. જંગલમાં જેમ સિંહ ત્રાડ નાખતો આવે છે તેમ મુનિરાજ ગર્જના કરતાં કહે છે કે ઉત્તમ તીર્થ તો રત્નત્રયયુત જીવ પોતે જ છે. અન્ય સમ્મેદશિખર, ગિરનાર, શેત્રુંજય આદિ તીર્થો તો શુભભાવના નિમિત્તો છે, તેનાથી શુભભાવ થાય પણ ધર્મ ન થાય. ભવસાગરથી તરવાનું તીર્થ તો શુદ્ધ આત્માનું દર્શન–જ્ઞાન અને ચારિત્ર જ છે. તે સિવાય તરવાનો બીજો કોઈ ઉપાય નથી.

[ અનુસંધાન પાનું ૧૯ ઉપર ]

# વિવિધ ભેદોરૂપ જીવનું સ્વરૂપ

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ નિયમસાર શાસ્ત્ર છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે 'નિજભાવના નિમિત્તે' આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં અહીં આપણે ૯ મી ગાથા ચાલે છે.

જીવદ્રવ્ય, પુદ્‌ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ
ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિવિધ યુક્ત જે. ૯.

ગાથાર્થ :—જીવો, પુદ્‌ગલકાયો, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ-એ તત્ત્વાર્થો કહ્યા છે, કે જેઓ વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છે. ૯.

ટીકા :—અહીં આ ગાથામાં છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યાં છે.

(૧) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, વચન, કાય, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ નામના દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે 'જીવ' છે.

જે જીવો સ્વભાવનું ભાન નહિ કરે તેને દશ પ્રાણનો સંયોગ ભવિષ્યમાં પણ રહ્યા કરશે. સ્વભાવનું ભાન કરીને સિદ્ધ થાય તેને દશ પ્રાણ છૂટી જાય છે. સંગ્રહનય અપેક્ષાએ દશ પ્રાણથી જીવે તેને જીવ કહ્યો, પણ દશ પ્રાણ તે જીવનો સ્વભાવ નથી.

(૨) નિશ્ચયથી તો ભાવપ્રાણ ધારણ કરવાને લીધે જીવ છે. આ ભાવપ્રાણ તે ત્રિકાળ છે, તેનાથી જીવે છે માટે જીવ છે.

(૩) વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે જીવ છે. વ્યવહારપ્રાણના સંયોગ વખતે નિશ્ચળ ચૈતન્યપ્રાણનો અભાવ થઈ જતો નથી.

"શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે."

કાર્યશુદ્ધ જીવ એટલે શું? કે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારથી જે જીવ કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર છે, એટલે કે કારણ શુદ્ધ જીવમાંથી જેમણે કેવળજ્ઞાનાદિ શુદ્ધકાર્ય પ્રગટ કર્યું છે, તેમને અહીં કાર્યશુદ્ધ જીવ કહ્યા છે. અહીં પર્યાયની વાત છે. ત્રિકાળની વાત નથી, કેમકે આ શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનો વિષય છે. કેવળજ્ઞાનાદિ પર્યાયને અહીં શુદ્ધગુણ કહેલ છે.

કેવળજ્ઞાનપર્યાય પણ વ્યવહાર છે, તે પણ નવી પ્રગટે છે, ત્રિકાળ નથી. શુદ્ધ ચિદાનંદ અખંડ પરિપૂર્ણ ભગવાન આત્મા તે નિશ્ચય છે, ને તેના અવલંબને જે

કેવળજ્ઞાનાદિ પ્રગટયાં તે શુદ્ધ સદ્ભૂત વ્યવહાર છે. કેવળજ્ઞાનાદિ શુદ્ધ પર્યાય છે માટે 'શુદ્ધ' છે, પોતાની પર્યાય છે માટે 'સદ્ભૂત', અને ભેદ પડયો માટે 'વ્યવહાર'. એ રીતે કેવળજ્ઞાનને 'શુદ્ધ સદ્ભૂત વ્યવહાર' કહેવાય છે. એવું કેવળજ્ઞાન જેને પ્રગટયું તે જીવ 'કાર્યશુદ્ધ જીવ' છે. આ ઉત્પાદ છે, નવી પર્યાય પ્રગટે છે. કેવળજ્ઞાન પર્યાયને શુદ્ધગુણ કહેવાય છે. તેવા શુદ્ધગુણનો જે આધાર છે તે જીવને અહીં 'કાર્ય-શુદ્ધ જીવ' કહેવાય છે.

અશુદ્ધતા તે સંસાર પર્યાય છે, અલ્પ શુદ્ધતા તે મોક્ષમાર્ગ પર્યાય છે, ને પૂર્ણ શુદ્ધતા તે મોક્ષપર્યાય છે, એ રીતે આ ત્રણેય વ્યવહાર છે.

જીવનું વર્ણન કરતાં ત્રણ પ્રકાર બતાવ્યાં.

(૧) દસ પ્રાણોથી જીવે તે જીવ, એ વ્યવહાર છે.

(૨) ભાવપ્રાણ એટલે ચૈતન્યપ્રાણથી જીવે તે જીવ; આ નિશ્ચય છે.

(૩) કેવળજ્ઞાનાદિ પ્રગટયા તેનો આધાર જીવ છે. તેને 'કાર્યશુદ્ધ જીવ' કહે છે. આ શુદ્ધ સદ્ભૂત વ્યવહાર છે.

ત્રિકાળ એકરૂપ આનંદકંદ શક્તિનો પિંડ તે કારણ શુદ્ધ જીવ છે, તેની વાત આગળ આવશે.

દરેક જીવ શક્તિ અપેક્ષાએ શુદ્ધ છે અર્થાત્ સહજજ્ઞાનાદિક સહિત છે તેથી દરેક જીવ 'કારણશુદ્ધ જીવ' છે, જે કારણ શુદ્ધ જીવને ભાવે છે—તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ (-કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે અર્થાત્ 'કાર્યશુદ્ધ જીવ' થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ જીવ કહેવાય છે અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે. [ કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ. ]

જે ત્રિકાળ ચિદાનંદ કારણ શુદ્ધ જીવની ભાવના કરે છે—તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરે છે-તે જીવને કેવળજ્ઞાનાદિ શુદ્ધકાર્ય પ્રગટે છે. એટલે કે તે કાર્યશુદ્ધ જીવ થાય છે.

અંતરમાં અનાદિ અનંત એકરૂપ સદૃશ સ્વભાવ છે, તે કારણપરમાત્મા છે ને તેના આશ્રયથી પૂર્ણદશા પ્રગટે તેનું નામ કાર્યપરમાત્મા છે. કેવળજ્ઞાનાદિ શુદ્ધ પર્યાયવાળા જીવો તે કાર્યશુદ્ધ જીવ છે. આવા જીવો હોય છે-એમ પ્રતીત કરવી તે તો હજી વ્યવહાર શ્રદ્ધા છે. કેવળજ્ઞાન પ્રગટયું તે નવી દશા છે-વ્યવહાર છે ને

તેના કારણરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે ત્રિકાળ ધ્રુવ છે તે કારણશુદ્ધ જીવ છે. જુઓ, આ અમૃત છે. ભવ્ય જીવોના કાનમાં અમૃત રેડનારી આ વાત છે.

સિદ્ધ ભગવાન તથા અરિહંત ભગવાન તે કાર્યપરમાત્મા છે, તેને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે, ને તેના કારણરૂપ જે ત્રિકાળી સ્વભાવ એકરૂપ છે, તે કારણપરમાત્મા છે. અહીં તેને કારણશુદ્ધ જીવ કહેવાય છે. પરમાત્માનું વર્ણન હતું ત્યાં પરમાત્મામાં કારણ ને કાર્ય ઉતાર્યા હતાં, અને અહીં જીવનું વર્ણન છે તેથી જીવમાં શુદ્ધ કારણ ને શુદ્ધ કાર્ય ઉતાર્યા છે આ અલૌકિક વાત છે, અપૂર્વ વાત છે.

છ દ્રવ્યમાંથી આ જીવદ્રવ્યનું વર્ણન ચાલે છે, તેના ત્રણ પ્રકાર કહ્યા :—

(૧) દ્રવ્યપ્રાણથી જીવ્યો, જીવે ને જીવશે તે જીવ, એમ પહેલાં વાત સામાન્ય કરી,

(૨) ભાવપ્રાણથી જીવે છે તે નિશ્ચય છે; દ્રવ્યપ્રાણથી જીવે છે તે વ્યવહાર છે;

(૩) કાર્યશુદ્ધ જીવ :—એટલે જેમને અંતરના કારણશુદ્ધ જીવનું અવલંબન લઈને કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય પ્રગટ્યું છે, તેવા કાર્યશુદ્ધ જીવો જગતમાં અનંત છે. અનાદિકાળથી જગતમાં આવા અનંત જીવો છે, તે તે કાર્યશુદ્ધ જીવનું કારણ જે ધ્રુવ સ્વભાવ છે. તે કારણ શુદ્ધ જીવ છે. તેના જ આશ્રયે મોક્ષમાર્ગ અને કેવળજ્ઞાનાદિ પ્રગટે છે.

આવા પ્રકારોની શ્રદ્ધા કરે ત્યારે તો હજી જીવતત્ત્વની શ્રદ્ધા થઈ કહેવાય. ત્રિકાળી શક્તિ તે કારણ છે. તે કારણમાંથી કાર્ય પ્રગટે છે. માટે તેને કારણશુદ્ધ જીવ કહેવાય છે ને તેના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે તે કાર્યશુદ્ધ જીવ છે.

અહીં નિશ્ચય મોક્ષમાર્ગને પણ પરમાત્મદશાનું કારણ ન કહ્યું, કેમકે તે અધૂરી દશા છે, તેના આશ્રયે પરમાત્મદશા પ્રગટતી નથી. કારણશુદ્ધ જીવ તે શક્તિરૂપ છે, તેમાંથી વ્યક્ત થઈ તે કાર્યશુદ્ધ જીવ છે. કારણ એટલે શક્તિ અને કાર્ય એટલે વ્યક્તિ.

આગમમાં આવા જીવતત્ત્વનું વર્ણન કર્યું છે. કેવળજ્ઞાન-દર્શન વગેરે ચતુષ્ટય જેમને પ્રગટી ગયાં છે તે કાર્યશુદ્ધ જીવ છે. પૂર્ણદશા પામેલા આત્માને પણ 'જીવ' કહેવાય છે. અધૂરાને જીવ કહેવાય ને પૂરાને આત્મા કહેવાય-એવા ભેદ નથી. પૂરાને જીવ પણ કહેવાય ને અધૂરાને આત્મા પણ કહેવાય. જીવ અને આત્મા કાંઈ જુદી જુદી ચીજ નથી. પૂર્ણ દશા પ્રગટી તેને અહીં કાર્યશુદ્ધ જીવ કહ્યા છે. હવે મતિજ્ઞાનાદિ વિભાવગુણનો આધાર તે 'અશુદ્ધ જીવ' છે ને શુદ્ધ નિશ્ચયથી સહજ જ્ઞાનાદિ પરમ સ્વભાવ ગુણોનો આધાર હોવાથી 'કારણશુદ્ધ જીવ' છે-એ વાત કહેવાશે.

—*—

(-ક્રમશઃ)

# વૈરાગ્યજનની : બાર ભાવના

શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

આ ભાવનાનો અધિકાર છે. આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે. શરીરની ક્રિયા હું કરી શકતો નથી, પરમાં સુખ નથી, મારું સુખ મારામાં છે એવું ભાન હોવા છતાં સર્વજ્ઞપણું ને આનંદનું અનંતપણું પ્રગટ થયું નથી તે જીવ આ બાર ભાવના ભાવે છે. તેમાં આ અશુચિભાવના છે.

આ શરીરને સર્વ અપવિત્ર વસ્તુના ઢગલારૂપ જાણ. આત્મા જ્ઞાનનો ઢગલો છે તેમ જેને ભાન થયું છે તે વિચારે છે કે શરીર વિષ્ટા, પેશાબ, થૂંક, લોહી, ચરબી વગેરેનો ઢગલો છે. અજ્ઞાની પણ એમ બોલે છતાં તેને અજ્ઞાનમય વૈરાગ્યમાં દ્વેષ છે, તેને ભાવના હોતી નથી. જ્ઞાની વિચારે છે કે મારો આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદમય છે અને આ શરીર અશુચિનો પિંડ છે. આત્મામાં અપવિત્રતા નથી ને શરીરમાં પવિત્રતા નથી એમ ભેદજ્ઞાન વર્તે છે.

सुष्ठु पवित्रं द्रव्यं सरससुगन्धं मनोहरं यदपि ।
देहनिक्षिप्तं जायते घृणास्पदं सुष्ठु दुर्गन्धम् ।।८४।।

અર્થ:—રૂડા-પવિત્ર, સુરસ અને મનને હરણ કરાવવાળા સુગંધિત દ્રવ્યો છે તે પણ આ દેહમાં નાખતાંની સાથે જ ઘૃણાત્મક અને અત્યંત દુર્ગંધમય બની જાય છે. ૮૪.

મોસંબી, રસગુલ્લા, જાબું, મેસૂબ વગેરે સુરસ ને મનને હરવાવાળાં સુગંધીત દ્રવ્યો છે, તે મોઢામાં નાખીને થોડીવાર પછી બહાર કાઢીને જોવામાં આવે તો દુર્ગંધ વાળાં થઈ જાય છે. આમ શરીર અપવિત્ર છે ને આત્મા ચૈતન્યસ્વરૂપ પવિત્ર છે–એમ વૈરાગ્ય લાવી આત્મામાં એકાગ્રતા કરે છે.

શરીરનો સંગ કરે તો આ વસ્તુ બગડી જાય છે પણ જે પોતાના આત્માનો સંગ કરે તેને શાંતિ ને સુખ મળે તેમ છે. જંગલમાં વસતા મુનિઓ આ ભાવના ભાવે છે.

આ દેહને ચંદનવાળું કર્યું હોય તોપણ થોડા વખતમાં તે દુર્ગંધમય થઈ જાય છે. અજ્ઞાનીને સુવાળું, રૂપાળું શરીર મળે તો તેમાં જ તે સર્વસ્વ માને છે. શરીર ઠીક હોય તો ઠીક એમ માને છે. શરીર શરીરના કારણે છે, અંતરમાં શાંતિ

છે એમ ખ્યાલ કરે તો શાંતિ મળે તેમ છે.

સરસ વસ્તુઓ ખાધા પછી તે પણ મળરૂપે પરિણમી જાય છે. જેમ દૂધને પાણી જુદા છે, તેમ શરીર ને આત્મા જુદા છે, તેનો નૈમિત્તિક સંબંધ છૂટી જતાં એકલો આત્મા રહી જાય છે.

વળી અન્ય વસ્તુ પણ આ દેહના સ્પર્શમાત્રથી અસ્પર્શ્ય થઈ જાય છે. લીલા ક્ષયવાળાને ઘી ખાય અથવા ગમે તે ખાય તો કફરૂપે થઈ જાય છે. મોસંબીનું પાણી માથે ઢોળીને કોઈ પીશે? આમ દેહ અશુચિમય છે ને તેમાં સુખ નથી પણ પોતામાં સુખ છે એમ માનવું.

**मनुजानां अशुचिमयं विधिना देहं विनिर्मितं जानीहि।**
**तेषां विरमणकार्ये ते पुनः तत्र एव अनुरक्ताः ॥ ८५ ॥**

અર્થ:—હે ભવ્ય! આ મનુષ્યોનો દેહ, કર્મોએ અશુચિમય બનાવ્યો છે ત્યાં આવી ઉત્પેક્ષા—સંભાવના જાણ કે—એ મનુષ્યોને વૈરાગ્ય ઉપજાવવા માટે જ એવો રચ્યો છે, છતાં પણ આ મનુષ્ય એવા દેહમાં પણ અનુરાગી થાય છે એ મોટું અજ્ઞાન છે. ૮૫.

આ મનુષ્યનો દેહ કર્મોએ અપવિત્ર બનાવ્યો છે, તે નિમિત્તથી કથન છે. એક રજકણ બીજા રજકણને ઉપજાવી શકે નહિ. આ શરીર કર્મોના નિમિત્તે અશુચિમય છે એ મનુષ્યોને વૈરાગ્ય ઉપજાવવા માટે જ એવું બન્યું છે, છતાં મનુષ્ય તેમાં અનુરાગી થઈને સુખ માને તે અજ્ઞાન છે. જેમ નેમનાથ ભગવાને વૈરાગ્ય લાવવા માટે પશુને પૂરવામાં આવ્યા હતા તેમ જીવમાં વૈરાગ્ય લાવવા શરીર અશુચિમય બનાવ્યું છે માટે તેની રુચિ છોડ ને અંદર આનંદ શક્તિ સ્વભાવ પડયો છે તેની રુચિ કર. વળી એ જ અર્થને દૃઢ કરે છે.

**एवं विधं अपि देहं पश्यन्तः अपि च कुर्वन्ति अनुरागम्।**
**सेवन्ते आदरेण च अलब्धपूर्वं इति मन्यमानः ॥ ८६ ॥**

અર્થ:—એવા અશુચિ દેહને પ્રત્યક્ષ દેખવા છતાં પણ આ મનુષ્ય ત્યાં અનુરાગ કરે છે, જાણે પૂર્વે (આવો દેહ) કદીપણ પામ્યો ન હોય એમ માનતો તેને આદરે છે–સેવે છે, પણ તે મહાન અજ્ઞાન છે. ૮૬.

આ દેહ પ્રત્યક્ષ અપવિત્ર છે છતાં મનુષ્ય તેમાં અનુરાગ કરે છે. નાનું બાળક લાકડાનું ચૂસણિયું મોઢામાં રાખે છે તેને પેંડો આપો તોપણ તે ચૂસણિયું મૂકે નહિ, તેમ અજ્ઞાની જીવને પવિત્ર ચૈતન્ય સ્વભાવ બતાવવા છતાં દેહ ઉપરનો રાગ તે છોડતો

નથી. જે જીવ એમ માને છે કે હું શરીરને ચલાવી શકું છું, બોલી શકું છું તે શરીરને તથા આત્માને એક માને છે, તે આ ભાવના ભાવી શકે નહિ.

અનાદિથી જીવને શરીર સાથે એકત્વબુદ્ધિ છે. જેમ બગીચામાં મેંદીની ભૂલ ભૂલામણીમાં રસ્તો મળે નહિ તેમ અનાદિથી જીવ ભૂલમાં રમી રહ્યો છે તેને કહે છે કે શરીરાદિની ક્રિયા તારી નથી, તું જ્ઞાતાદૃષ્ટા રહે, રાગ-દ્વેષનો પણ જાણનાર રહે પણ કર્તા ન રહે. અનંતવાર શરીર મળ્યા પણ જીવે પોતાના સહજાનંદસ્વભાવનું ભાન કર્યું નહિ, તે અજ્ઞાન ભાવ છે. અહીં સ્વામીકાર્તિકેય કહે છે કે શરીર અશુચિમય છે, આત્મા પવિત્ર છે માટે તેની ભાવના ભાવ.

આગળ આ દેહથી જે વિરક્ત થાય છે તેની અશુચિ ભાવના સફળ છે; એમ કહે છે.

यः परदेहविरक्तः निजदेहे न च करोति अनुरागम् ।
आत्मस्वरूपे सुरक्तः अशुचित्वे भावना तस्य ॥ ८७ ॥

અર્થ :—જે ભવ્ય, પર દેહ જે સ્ત્રી આદિના દેહથી વિરક્ત થતો થકો નિજ દેહમાં પણ અનુરાગ કરતો નથી, તેને અશુચિ ભાવના સાર્થક થાય છે. ૮૭.

જે ભવ્ય જીવ માતા, પિતા, સ્ત્રી વગેરેના દેહમાં વિરક્ત થઈ પોતાના શરીરમાં અનુરાગ કરતો નથી પણ પોતાના આત્મસ્વરૂપમાં અનુરક્ત રહે છે તેને અશુચિ-ભાવના સફળ છે.

બહારથી ઉછીના દાગીના લગ્ન માટે લાવ્યા હોય ને પછી કયા દાગીના કોના છે એ ભૂલી જાય તો જેના દાગીના હોય તેને કહે કે ભાઈ! જેના જે દાગીના હોય તે ઊઠાવી લ્યો, તેમ અહીં ભગવાન કહે છે કે શરીર, લક્ષ્મી, મકાન, આત્મા વગેરે છે તેમાં તારો માલ હોય તે ઊઠાવી લે, શરીર, મન, વાણી તારો માલ નથી પણ શુદ્ધ ચૈતન્ય તારો માલ છે, તે ઉઠાવ.

હું તો જ્ઞાનાનંદ અમૃત ભોજનનો અનુભવ કરનારો છું આમ જેને આત્માનો અનુરાગ છે ને શરીરાદિ પરનો અનુરાગ નથી તે જીવને અશુચિભાવના સાર્થક છે.

સ્વ-પર દેહકુ અશુચિ લખી, તજે તાસ અનુરાગ;
તાકે સાચી ભાવના, સો કહીયે મહાભાગ્ય.

સ્વ ને પરનાં શરીર અપવિત્ર છે, પોતાનો દેહ કહેવો તે વ્યવહાર છે, ઘણી અપવિત્ર વસ્તુથી શરીર બનેલું છે, તેને અપવિત્ર જાણીને આત્માને પવિત્ર જાણીને તે તરફનો રાગ જે છોડે છે તેને સાચી ભાવના હોય છે ને તે મહાભાગ્યવાન છે.

સાચી ભાવના ભાવનાર ને મહા ભાગ્યવાન કહ્યો. કોઈ જીવને પુણ્ય ઓછા હોય, ગરીબ હોય પણ આબરૂ હોય, ભલે કોઈ ગણતું ન હોય તોપણ તે બધી બહારની વાત છે, તેથી આત્માનો અનાદર થતો નથી. સમવસરણમાં દેડકાં જાય છે ને ભેદજ્ઞાન પ્રગટ કરે છે તે ભાગ્યવાન છે, અઢીદ્વીપની બહાર અસંખ્ય તિર્યંચો પાંચમે ગુણસ્થાને છે, તે આવી ભાવના ભાવે છે તે મહા ભાગ્યવાન છે, માટે તું તારા જ્ઞાનનિધિને સાંભળીને અંતરમાં ગુમ થા—એમ કહેવાનો ભાવ છે.

## આસ્રવાનુપ્રેક્ષા

मनवचनकाययोगाः जीवप्रदेशानां स्पन्दनविशेषाः ।
मोहोदयेन युक्ताः वियुताः अपि च आस्रवाः भवन्ति ।।८८।।

અર્થ:—મન વચન કાયરૂપ યોગ છે તે જ આસ્રવ છે. કેવા છે તે યોગ? જીવપ્રદેશોનું પરિસ્પંદન અર્થાત્ ચલન-કંપન તેના જ જે વિશેષ (ભેદ) છે તે જ યોગ છે, વળી તે કેવા છે? મોહકર્મના ઉદયરૂપ જે મિથ્યાત્વ કષાયકર્મ સહિત છે તથા એ મોહના ઉદયથી રહિતપણ છે. ૮૮.

મન વચન કાયા તો જડ છે, તેની વાત નથી પણ આત્માના પ્રદેશોનું કંપન તે યોગ છે તે આસ્રવનું કારણ છે ને પ્રદેશોના કંપન વખતે મનનું અવલંબન હોય તો મનોયોગ કહેવાય. વચનનું અવલંબન હોય તો વચનયોગ કહેવાય. કાયાનું અવલંબન હોય તો કાયયોગ કહેવાય. યોગ નવાં કર્મ આવવાનું છિદ્ર છે. દયાદાનાદિના પરિણામ છે. તે ખરેખર મલિન પરિણામ છે, તેથી કર્મના પરમાણુ આવે છે. આસ્રવનું અંતરંગકારણ મિથ્યાત્વ-રાગદ્વેષ છે ને બહિરંગકારણ યોગ છે. નીચલી ભૂમિકામાં પહેલે ગુણસ્થાને મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ સહિતના આસ્રવના પરિણામ છે. હું દયા દાન જેટલો છું એવી ભ્રાંતિ તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય એ કષાયના ભેદ છે, સમ્યગ્દર્શન થયા પછી મિથ્યાત્વનો આસ્રવ નથી. પોતાની ભૂમિકા અનુસાર આસ્રવ છે. મુનિને પાંચ મહાવ્રતાદિના પરિણામ છે તેટલો આસ્રવ છે ને ૧૧-૧૨-૧૩ ગુણસ્થાને મોહરહિત પરિણામ છે, તેથી તેમને ઇર્યાપથ આસ્રવ છે પણ મોહ નથી.

ભાવાર્થ:—મન-વચન-કાયાનું નિમિત્ત પામીને પ્રદેશોનું ચલાચલ થવું તે યોગ છે, અને તેને જ આસ્રવ કહે છે. તે ગુણસ્થાનની પરિપાટી અનુસાર હોય છે. મિથ્યાદૃષ્ટિને ભ્રાંતિ અને કષાય સહિત યોગ હોય છે. પાંચમે આસક્તિ કષાયસહિત યોગ હોય છે-એમ જુદા જુદા ગુણસ્થાનની પરિપાટી અનુસાર સૂક્ષ્મસાંપરાય નામના

દસમા ગુણસ્થાન સુધી તે મિથ્યાત્વ-કષાયો સહિત યોગ હોય છે તેને સાંપરાયિક આસ્રવ કહે છે તથા તેની ઉપરના તેરમા ગુણસ્થાન સુધી મોહના ઉદયરહિત (યોગ) છે તેને ઈર્યાપથ આસ્રવ કહે છે. જે પુદ્ગલ વર્ગણા કર્મરૂપ પરિણમે તેને દ્રવ્યાસ્રવ કહે છે, તથા જીવના પ્રદેશો ચંચલ થાય તેને ભાવાસ્રવ કહે છે.

આમ આસ્રવનું સ્વરૂપ જ્ઞાની વિચારે છે કે આસ્રવ પરિણામ મલિન છે, તે મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાનસ્વરૂપી છું એમ શ્રદ્ધા-જ્ઞાન કરી વિશેષભાવના ભાવે છે. (ક્રમશઃ)

—o—

[ સાચા ત્યાગનું સ્વરૂપ.......પાનું ૮ થી ચાલુ ]

નિશ્ચય રત્નત્રય જ સાક્ષાત્ તીર્થ છે, ઉત્તમ તીર્થ છે, પવિત્ર તીર્થ છે તે તીર્થની યાત્રા કરવાથી જ જન્મ-મરણનો નાશ થઈ મુક્તિ પ્રાપ્ત થાય છે. એ સિવાય મુક્તિનો બીજો કોઈ ઉપાય નથી, મુક્તિનું ઉપાદાનકારણ શુદ્ધાત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ રત્નત્રય જ છે.

ભગવાન આત્મા સ્વયં જ્ઞાનચેતનામય છે, જ્ઞાનસ્વરૂપનું વેદન તે જ્ઞાનચેતના છે. રાગાદિનું વેદન તે અજ્ઞાનચેતના છે. નિરાકુળ-ભગવાન આત્માની દૃઢ શ્રદ્ધા થવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે આત્માની જ ભૂમિકામાં, આત્માના આશ્રયે જ પ્રગટ થાય છે. રાગની ભૂમિકામાં સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી.

આત્માનું જ્ઞાન તે સમ્યગ્દર્શન છે અને આત્માના આશ્રયે, આત્મામાં થતી સ્થિરતાનું નામ સમ્યક્ચારિત્ર છે, આ નિશ્ચય રત્નત્રયસ્વરૂપ તીર્થ તે જ ઉત્તમ તીર્થ છે, શાશ્વત તીર્થ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રણ ધર્મોથી રચિત આ તીર્થ છે. આત્મારૂપ જહાજને આત્મારૂપ સાગરમાં ચલાવતો આત્મા જ મોક્ષદ્વીપમાં પહોંચી જાય છે. રત્નત્રયરૂપ પરિણત આત્મા જ ઉત્તમ તીર્થ છે. આ તીર્થ દ્વારા આત્મા મુક્તિને પામે છે.

( ક્રમશઃ )

# શુદ્ધાત્માના ધ્યાન દ્વારા કર્મોની નિર્જરા

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૭ )

આ શ્રી પુજ્યપાદસ્વામી રચિત ઇષ્ટઉપદેશ શાસ્ત્ર ચાલે છે. તેમાં અહીં ૨૪ મો શ્લોક ચાલે છે.

આત્મધ્યાનના યોગથી, પરીષહો ન વેદાય,
શીઘ્ર સસંવર નિર્જરા, આસ્રવ–રોધન થાય. ૨૪.

આત્મા શુદ્ધ સત્ ચિદાનંદસ્વરૂપ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્યરૂપ અનંત ચતુષ્ટયસ્વરૂપ આત્મા છે, તેનું ધ્યાન કરતાં તેમાં એકાગ્ર થતાં જે અતીન્દ્રિય આનંદ આવે છે તેનું નામ સમ્યગ્દર્શન છે–અનુભવ. છે. આવા સમ્યગ્દર્શન પૂર્વક આત્મધ્યાનના પ્રતાપથી ધર્માત્માને બહારના પરીષહ ઉપસર્ગ આદિનું વેદન થતું નથી.

અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ બહારની પ્રતિકૂળતાનું ધર્મીને વેદન થતું નથી. પરીષહ એટલે ક્ષુધા–તૃષા આદિ રોગ શરીરમાં આવે તોપણ ધર્મી જાણે છે કે શરીર જ મારું નથી તો રોગ મારો કયાંથી? અરે! પુણ્ય–પાપ તત્ત્વ પણ આસ્રવ છે એ મારાં નથી. ધર્મીને એવો અતીન્દ્રિય આનંદ અંદરમાં વેદનમાં આવે છે કે તે વખતે પરીષહ આદિનો ખ્યાલ પણ રહેતો નથી, સ્મરણ પણ થતું નથી. આવી આનંદમય દશાને સંવર–નિર્જર કહે છે. તેના નિમિત્તે કર્મો ખરી જાય તે દ્રવ્યનિર્જરા છે.

વ્રત–તપ આદિની શરીરની ક્રિયાથી સંવર–નિર્જરા થતાં નથી કેમકે એ તો જડની ક્રિયા છે, અજીવ તત્ત્વ છે. શુભ–અશુભ ભાવથી પણ સંવર–નિર્જરા થતાં નથી કેમ કે એ તો આસ્રવ તત્ત્વ છે. એ બંનેથી રહિત શુદ્ધ સતચિદાનંદ સ્વરૂપ આત્માના ધ્યાનરૂપ અનુભવથી સંવર–નિર્જરા પ્રગટ થાય છે.

પરદ્રવ્ય તરફનું લક્ષ છોડી, શુભ–અશુભ ભાવ તરફનું લક્ષ છોડી એક નિજ શુદ્ધ આત્મા તરફ લક્ષ જોડવું–તેને ધ્યેય બનાવી અંતરમાં લીન થવું તેનું નામ અનુભવ છે, તેમાં સંવર–નિર્જરા પ્રગટ થાય છે.

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ નિર્જરાના ત્રણ પ્રકાર કહે છે:

૧. એક તો, ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદમાં લીન થાય છે,

સિદ્ધ જેવા પોતાના આનંદમાં મશગુલ બને છે, ત્યારે જે શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેને ભગવાન યથાર્થ નિર્જરા કહે છે.

૨. બીજું એ કે ધર્મીને અનુભવકાળે જે અશુદ્ધિનો નાશ થાય છે તેને અશુદ્ધ નિશ્ચયનયથી નિર્જરા કહેવામાં આવે છે. અને ત્રીજી નિર્જરા એ કે ધર્મીને અતીન્દ્રિય આનંદના કાળે જે જડ કર્મો પોતાની મેળે જ ખરી જાય છે, તેને ભગવાન સદ્ભુત વ્યવહારનયથી નિર્જરા કહે છે.

અહીં આ ગાથામાં ત્રીજા પ્રકારની નિર્જરાની વાત લીધી છે કે ધર્મીને આત્મધ્યાનના પ્રતાપે પરિષહો વેદતા નથી અને શીઘ્ર સંવર-નિર્જરા પ્રગટે છે અને કર્મો આપોઆપ ખરીને ચાલ્યા જાય છે.

હવે ૨૫ માં શ્લોકમાં પૂજ્યપાદસ્વામી આ જ વાતને વધુ સ્પષ્ટ કરે છે. પૂજ્યપાદસ્વામી મહા સમર્થ તત્વજ્ઞાની સંત થઈ ગયાં, જેણે તત્વાર્થ સૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકા રચી છે તેણે જ આ ઈષ્ટોપદેશની રચના કરી છે.

પ્રભુ! ઈષ્ટઉપદેશ કોને કહેવાય?

જે ઉપદેશથી પોતાના આત્માની હિતની દશા પ્રગટ થાય અને પુણ્ય-પાપનો બંધ ન થાય એવા ઉપદેશને હિતઉપદેશ-યથાર્થ ઉપદેશ કહે છે એ સિવાયનો ઉપદેશ હિતકર તો નથી પણ વિપરીત ઉપદેશ છે.

'ચટાઈનો કરનાર હું.' એ બેનો સંયોગ,
સ્વયં ધ્યાનને ધ્યેય જ્યાં, કેવો ત્યાં સંયોગ? ૨૫.

પૂજ્યપાદસ્વામી દૃષ્ટાંત આપીને સમજાવે છે કે 'ચટાઈનો કરનાર હું' તેમાં હું અને ચટાઈ એમ બે જુદી જુદી વસ્તુ છે જ્યારે આત્મામાં એવું નથી. આત્મા જ ધ્યેય અને આત્મા જ ધ્યાતા છે. બે જુદી વસ્તુનો તેમાં સંયોગ નથી.

પુણ્ય-પાપ આદિ શુભ-અશુભ ભાવ ધર્મીનું ધ્યેય નથી. ધર્મીનું તો ધ્યેય પણ આત્મા અને તેનું ધ્યાન ધ્યાતા પણ આત્મા જ છે. ભગવાન શુદ્ધ, અખંડ, આનકુળ આનંદરસનો પિંડ છે તેમાં વિકાર રહિત શુદ્ધ-નિર્મળ અવસ્થા દ્વારા ધ્યાન કરનાર પણ આત્મા છે, ધ્યેય પણ આત્મા છે અને ધ્યાતા પણ આત્મા જ છે. આત્મામાં ધ્યાતા ધ્યાન અને ધ્યેયનો ભેદ પડતો નથી. ભેદનો વિકલ્પ ઊઠે એ તો રાગ છે, પુણ્યબંધનું કારણ છે, સંસાર છે, સંવર-નિર્જરાનું કારણ નથી.

જ્યાં સુધી શુભાશુભભાવ ઉપર જ જેની દૃષ્ટિ છે અને તે જ ધ્યેય છે તે તો અનાદિ મિથ્યાદૃષ્ટિ છે પણ જ્યારે એ જીવ પોતાના જ શુદ્ધ, અખંડ આનંદસ્વરૂપ

એકરૂપ આત્માને જ ધ્યેય બનાવીને ધ્યાન કરે છે ત્યારે બેપણું ક્યાં આવ્યું? એક આત્મા જ પોતે ધ્યેય, ધ્યાતા અને ધ્યાનસ્વરૂપે એકરૂપ છે તેમાં ભેદ નથી.

નિયમ તો એવો છે કે બે વસ્તુ વચ્ચે સંયોગ સંબંધ હોય છે. એકની એક વસ્તુમાં સંયોગ નથી. ચટાઈ અને તેનો કરનારો હું એ તો બે વસ્તુનો સંયોગ થયો પણ ધ્યાતા હું આત્મા અને ધ્યેય મારો આત્મા, તેનું મેં ધ્યાન કર્યું તેમાં સંયોગ સંબંધ નથી. એકરૂપ આત્મા પોતે જ છે.

પોતાના હિતનો કર્તા અને કરણ (સાધન) પોતે જ છે એવો ભગવાનનો ઉપદેશ છે તે હિતકર છે. પુણ્ય-પાપરૂપ ભાવથી આત્માનું હિત થાય છે એવો ઉપદેશ છે તે ભગવાનના ઉપદેશથી વિરૂદ્ધ ઉપદેશ છે, અહિતકર છે.

કુંદકુંદ આચાર્ય સંવત ૪૯ માં થઈ ગયા તે પછી થયેલાં પૂજ્યપાદસ્વામી એક અંતર્મુહૂર્તમાં હજારોવાર અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતાં મુનિરાજ હિત ઉપદેશ આપતાં ગયા છે કે–'સાંભળો ભાઈ! આ હિતઉપદેશ! આત્માના હિતનું સાચું સાધન આત્માનું ધ્યાન જ છે. શરીર, વાણી, મન અને કર્મ તો અજીવ તત્ત્વ છે તેથી તેના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય અજીવ છે. તેનાથી તો આત્માનું હિત સધાતું નથી. જીવની જ પર્યાયમાં થતાં શુભાશુભભાવ પણ પુણ્ય-પાપ તત્ત્વ–આસ્રવ તત્ત્વ છે, તેનાથી પણ આત્માનું હિત સધાતું નથી.

આમ, અજીવ, પુણ્ય-પાપ અને આસ્રવ તત્ત્વ તો આત્માને હિતરૂપ નથી અને હિતના સાધન પણ નથી. બાકી રહ્યાં સંવર–નિર્જરા અને મોક્ષ તત્ત્વ જે આત્માને હિતરૂપ છે. તે કેમ પ્રગટ થાય? તેનો આ ઉપદેશ છે.

સંવર-નિર્જરા એ આત્માનો ધર્મ છે તે પ્રગટ થવામાં કર્તા કોણ? કરણ કોણ? ધ્યાન શું? અને ધ્યાન કરવાવાળો કોણ? આ પ્રશ્નના જવાબમાં પૂજ્યપાદસ્વામી ઇષ્ટ-ઉપદેશ આપે છે કે આત્મા પોતે જ પોતાના સ્વરૂપનું સાધન બને છે. તેને કોઈ નિમિત્ત, રાગ કે વ્યવહાર સાધનની અપેક્ષા નથી.

અહા! કુંદકુંદ આચાર્ય સાક્ષાત્ સીમંધર ભગવાન પાસે ગયા હતા, અને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. જ્ઞાન-ધ્યાન અને અનુભવ તો મુનિરાજને હતા જ, પણ ભગવાન પાસે જઈને ખૂબ ખૂબ વૃદ્ધિ કરીને અને સ્પષ્ટ કરીને આવ્યા, પછી આ શાસ્ત્રો રચ્યાં. મદ્રાસની આ બાજુ વંદેવાસથી પાંચ માઈલ દૂર પોન્નુરહીલ છે ત્યાં કુંદકુંદઆચાર્ય વિચરતા હતા અને ત્યાં જ સમયસાર, પ્રવચનસાર આદિ શાસ્ત્રોની રચના કરી છે.

કુંદકુંદઆચાર્ય પછી થઈ ગયેલાં આ પૂજ્યપાદસ્વામી કહે છે કે ઈષ્ટ ઉપદેશ કોને કહેવો?—પોતાના આત્માના સંવર-નિર્જરાનું સાધન પોતે જ છે અન્ય કોઈ નહિ એવો જે ઉપદેશ—તે ઈષ્ટ ઉપદેશ છે.

જેમ શ્રીફળમાં સફેદ ગોળો, છાલા, કાચલી અને લાલ છાલથી તદ્દન ભિન્ન છે–

નિરાળો છે, તેમ આત્મા પણ શરીરાદિ નોકર્મરૂપ છાલાથી, આઠ કર્મરૂપ કાચલીથી અને શુભાશુભ આસ્રવરૂપ લાલ છાલથી તદ્દન ભિન્ન, નિરાળો જ્ઞાયક છે. શ્રીફળની અંદરનો ગોળો જેમ સફેદાઈ અને મીઠાશથી ભરેલો છે તેમ આત્મા શુદ્ધતા અને આનંદથી ભરેલો ચૈતન્યગોળો છે.

અનંતકાળમાં જીવે કદી સમ્યગ્દર્શનનું શું સ્વરૂપ છે તે લક્ષમાં જ લીધું નથી. અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો પણ સમ્યકત્વની મહિમા ન આવી. આમ ને આમ અનંતકાળ અજ્ઞાનતામાં-દુઃખમાં વીતી ગયો. આવા જીવોને જ્ઞાની કહે છે કે અરે! ભાઈ! તારામાં તો અનંતી શક્તિઓ ભરી પડી છે. તું તો જીવત્વ, ચિત્તિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય આદિ પરમેશ્વરી શક્તિનો સ્વામી છો.

અનંતકાળમાં જેટલાં જ્ઞાની થઈ ગયા તે બધાંનો એક જ ઉપદેશ છે. કેમ કે 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' આત્મામાં અતીન્દ્રિય આનંદના નૂરના પૂર ભર્યા છે. સમ્યગ્દર્શનમાં તેનો અંશે અનુભવ થાય છે અને મુનિદશામાં તો ક્ષણે ને પળે અતીન્દ્રિય આનંદની છોળો ઉડે છે-રેલમછેલ થાય છે તેનું નામ યથાર્થ સંવર-નિર્જરા છે અને તે સ્વભાવના સાધન વડે જ પ્રગટ થાય છે. ભગવાનની પ્રતિમા કે સાક્ષાત્ ભગવાન કે ભગવાન પ્રત્યેની ભક્તિનો શુભભાવ એ કોઈ સ્વભાવનું સાધન બની શકતા નથી. અશુભથી બચવા શુભભાવ આવે છે, હોય છે પણ તે સંવર-નિર્જરાનું સાધન નથી. 'શુભભાવ કરતાં કરતાં સંવર-નિર્જરા અને મોક્ષ થાય'-એવો જે ઉપદેશ છે તે ભગવાનનો ઉપદેશ નથી, ઇષ્ટ ઉપદેશ નથી.

ભાઈ તારે ક્રિયા કરવી છે ને! તો ધ્યાનની ક્રિયા કર ને! શરીરની ક્રિયા તો જડની ક્રિયા છે, શુભભાવની ક્રિયા તો વિભાવની ક્રિયા છે. અંતરમાં શુદ્ધ આનંદકંદની પકડ કરીને એટલે કે તેને દૃષ્ટિમાં લઈ નિર્મળાનંદ ધ્યાનની ક્રિયા કર! તે ધ્યાનની ક્રિયામાં કર્તા આત્મા છે, કર્મ આત્મા છે અને સાધન પણ આત્મા જ છે. આનંદનો દેવાવાળો પણ આત્મા છે અને લેવાવાળો પણ આત્મા પોતે જ છે.

અતીન્દ્રિય આનંદનું વેદન કરવું તે આત્માનું કાર્ય છે. પુણ્ય-પાપ ભાવનું વેદન તે આત્માનું કાર્ય નથી.

આત્મા સ્વરૂપે પરમસ્વરૂપ છે. શરીર-પુણ્ય-પાપભાવ આદિ તો પરમ સ્વરૂપે નથી પણ એક સમયની નિર્મળ પર્યાય પણ પરમસ્વરૂપે નથી કેમકે તેમાંથી નિર્મળ પર્યાય આવતી નથી. માટે દ્રવ્યસ્વભાવને પરમસ્વરૂપ કહ્યો છે. તેનું પરમાત્મા સાથે એકીકરણ કર્યું છે.

એકલા ચૈતન્યસૂર્ય ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈને તેનો અનુભવ કરતાં, ધ્યાનમાં ધ્યાતા-ધ્યાન-ધ્યેયનો ભેદ રહેતો નથી. આવી દશાને સંવર-નિર્જરા કહેવામાં આવે છે.

અરે! જીવોએ આ વાત અનંતકાળમાં કદી સાંભળી નથી. શુભરાગ કરવો અને તેનું ફળ ભોગવવું એવી વાત અનંતકાળથી સાંભળે છે અને કરતો આવ્યો છે, પણ રાગ અને વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ, વીતરાગબિંબ, ચિદાનંદઘન, શુદ્ધસ્વરૂપ આનંદકંદમાં એકાકાર થવાની વાત જીવે કદી એક સેકંડ પણ સાંભળી નથી. તેથી જ સમયસાર પાંચમી ગાથામાં આવે છે ને કે 'શ્રુત પરિચિત અનુભૂત સર્વને કામ ભોગ બંધનની કથા.'

ભગવાન! તું પ્રભુ છો તેનો સ્વીકાર કરજે ના ન પાડીશ. ભાઈ! વિકલ્પ ઉઠે છે તે તો દોષ છે, વિકાર છે, તેનું લક્ષ છોડી દે અને શરીર, વાણી, મન તો અજીવ છે, માટી છે, ધૂળ છે તેનું પણ લક્ષ છોડી દે. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ ત્રણેયનું લક્ષ છોડી દે! દ્રવ્યકર્મ એટલે આઠ કર્મનો ઉદય, નોકર્મ એટલે પછી ભલે સાક્ષાત ભગવાન હોય તેના તરફનું લક્ષ છોડી દે અને ભાવકર્મ એટલે વિકલ્પનું પણ લક્ષ છોડી એક સ્વભાવનું લક્ષ કર!! અહા! આચાર્યોએ કેટલી ગૂઢ-ગંભીર વાતો કહી છે!

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય છે તે કોના લક્ષે ઉત્પન્ન થાય? ભગવાન પરમસ્વરૂપના લક્ષે જ નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટ થાય ત્યારે નિમિત્ત તરફ તો લક્ષ ન હોય— કર્મ કે કર્મનો ઉદય કે કષાયની મંદતારૂપ નિમિત્ત તરફ લક્ષ તો ન હોય છતાં કર્મોની નિર્જરા થાય છે એ કેમ બને? એમ પ્રશ્ન ઉઠાવીને આચાર્યદેવ નિર્જરાતત્વ સિદ્ધ કરવા માગે છે.

ભગવાન! એકવાર સાંભળ તો ખરો! ભગવાન શુદ્ધ પરમાનંદમૂર્તિ આત્માનું લક્ષ કરવાથી એક અંશે સંવર અને ભાવનિર્જરાની ઉત્પત્તિ થાય છે ત્યારે કર્મ-નોકર્મ કે દ્રવ્યકર્મનું તો લક્ષ પણ હોતું નથી. પોતાના સ્વભાવના સાધનથી, ધ્યેયથી, સાધ્યથી સંવર-નિર્જરા પ્રગટ થાય છે. આવા વચનો દિગંબરના ભાવલિંગી સંતો વિના કોઈના ન હોઈ શકે. બીજા તો ઉપવાસ આદિ તપસ્યાથી સંવર-નિર્જરારૂપ ધર્મ મનાવી રહ્યા છે. એ વાત અહીં નથી. આ તો અનાદિ સનાતન એક સત્ય માર્ગ છે.

અહીં ૨૫ મા શ્લોકમાં તો એ સિદ્ધ કરવું છે કે અન્ય કોઈના લક્ષ વિના એક સ્વભાવના જ લક્ષે સંવર-નિર્જરા પ્રગટ થાય છે ત્યાં કર્મનું લક્ષ જ નથી તો કર્મોની નિર્જરા થઈ એમ કેમ કહી શકાય? અધ્યાત્મયોગથી કર્મોની શીઘ્ર નિર્જરા થાય છે એમ કેમ કહ્યું? તો કહે છે કે એ વાત પરમાર્થની નથી. વ્યવહારનયથી એમ કહેવાય કે ધર્મીને ધ્યાનમાં જૂના કર્મોની નિર્જરા થાય પણ પરમાર્થથી તો ધ્યાનમાં શુદ્ધિની વૃદ્ધિરૂપ નિર્જરા જ થાય છે. કર્મોની નિર્જરા કહેવી તે વ્યવહારનયનું કથન સમજવું. ખરેખર તો શુદ્ધિની વૃદ્ધિ થવી તે જ સાચી નિર્જરા છે. [ ક્રમશઃ ]

[ **નોંધ**:—સળંગ પ્રવચન નં. ૨૬ નું રેકોર્ડિંગ ઉપલબ્ધ ન હોવાથી પ્રવચન નં. ૨૬ અત્રે આપી શકાયું નથી. ]

—※—

દ્રવ્યના આલંબનના બળે

# પોતાની અદ્ભુતતામાં સમાઈ જતા જ્ઞાની

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**જ્ઞાની દ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક, આગળ વધતો જાય છે અને ચૈતન્ય પોતે પોતાની અદ્ભુતતામાં સમાઈ જાય છે. ૨૬૭.**

ધર્મી જીવની વાત છે. પૂર્ણાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યના આલંબનના બળે સાધક ધર્માત્માને નિશ્ચય એટલે સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા, તથા તેમાં રહી ન શકે તો વ્યવહાર એટલે ભૂમિકાનુસાર વ્રતાદિના વિકલ્પ,—એ બંનેની—શુદ્ધ અને શુભની—મૈત્રી હોય છે, બંને એકસાથે હોવામાં વિરોધ નથી. સમયસાર-કળશ ( ૧૧૦ ) માં કહ્યું છે: જ્યાંસુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિને બે ધારા રહે છે—શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બંને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે તેમ કર્મસામાન્યને અને જ્ઞાનને વિરોધ નથી. તે સ્થિતિમાં કર્મ પોતાનું કામ કરે છે અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રતનિયમના વિકલ્પો— શુદ્ધ સ્વરૂપનો વિચાર સુધ્ધાં—કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.

**પ્રશ્ન :**—ચરણાનુયોગ-અપેક્ષાએ તો શુભભાવ ઉપાદેય છે ને?

**ઉત્તર :**—ભાઈ વ્રતાદિનો શુભભાવ પણ રાગ છે; રાગ ઉપાદેય કેમ હોય? સમ્યગ્દૃષ્ટિને શ્રાવકને ને મુનિરાજને પોત પોતાની ભૂમિકા પ્રમાણે અંદર શુદ્ધિ—જ્ઞાનધારા—પ્રગટ થઈ છે. તેમને પૂર્ણ વીતરાગતા પ્રગટ નહિ થઈ હોવાથી સાથે દેવવંદના કે વ્રતાદિના શુભભાવ આવે છે. તેમને શુદ્ધિરૂપ અરાગધારા ને શુભાશુભ રાગધારા સાથે રહેવામાં વિરોધ નથી. શુભભાવ જ્ઞાનીને પણ આવે છે, પણ છે એ દુઃખરૂપ ને બંધનું કારણ; માટે તે ઉપાદેય નથી.

અંદર સ્વભાવના આશ્રયે પ્રગટતી જ્ઞાનધારા તે નિશ્ચય છે અને અપૂર્ણતાને લીધે સાથે જે રાગ આવે છે તે વ્યવહાર છે. ત્યાં, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એમ નથી, માત્ર અધૂરી દશામાં બંને સાથે હોય છે. દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે :

'दुविहं पि मोक्खहेउं झाणे पाउणादि ज मुणी णियमा ।'

પ્રથમ પોતાના ભગવાન જ્ઞાયક તરફ ઢળવાથી ને રાગ સાથેની એકતા તોડવાથી જે વીતરાગી સમ્યગ્દર્શન થાય છે તે અંતર આત્માભિમુખ ધ્યાનમાં થાય છે, અને પછી અંદરમાં વિશેષ રમણતારૂપ ચારિત્ર પણ અંતર ધ્યાનમાં સ્થિર થાય ત્યારે, ધ્યાનમાં જ પ્રાપ્ત થાય છે. અરેરે! અનંત કાળથી જીવે આ કર્યું નથી, બાકી બહારની બધી કડાકૂટ કરી.

વ્રતને આસ્રવ કહ્યો છે ત્યાં આત્માશ્રિત શુદ્ધિની સાથે રહેલા કચાશરૂપ રાગને આસ્રવ કહ્યો છે. ખરેખર તો આત્મજ્ઞાની સાધકને અંદર વિકલ્પ તૂટીને આનંદસ્વરૂપમાં એકાકાર સ્થિરતા જામે છે તેનું નામ નિશ્ચય વ્રત છે, તેનાથી સંવર-નિર્જરા થાય છે. તેને તે ભૂમિકામાં શુદ્ધિની સાથે જે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહના વિકલ્પો ઊઠે છે તેને વ્યવહારે વ્રત કહેવાય છે; પણ તે આસ્રવ છે, બંધનું કારણ છે. કોઈ એમ માને કે—મિથ્યાદૃષ્ટિનાં વ્રત, તપ, ભક્તિ બંધનું કારણ છે, પણ સમ્યગ્દૃષ્ટિનાં વ્રત તપ વગેરે બંધનું કારણ નથી, તો તે માન્યતા મિથ્યાત્વ છે.

કોઈને ભ્રમ થાય કે મિથ્યાદૃષ્ટિનું જે ક્રિયારૂપ યતિપણું છે તે બંધનું કારણ છે, પણ સમ્યગ્દૃષ્ટિનું યતિપણું અંદર સમ્યગ્દર્શન-ચારિત્ર સ્વરૂપ છે, તેથી તેને અંતર અનુભવજ્ઞાન અને બહારમાં દયા, દાન, વ્રતાદિ શુભક્રિયા—એ બંને મળીને જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો ક્ષય કરે છે. અજ્ઞાની જીવો આવી પ્રતીતિ કરે છે. ભાઈ! આ બધી જૂની માન્યતાઓ ફેરવવી પડશે. અજ્ઞાનીના વ્રતાદિ તો બંધનું કારણ છે જ; પણ જ્ઞાનીના શુભક્રિયારૂપ વ્રતાદિ પણ બંધનું કારણ છે; કેમ કે તે ભાવ શુભરાગ છે, આત્માના અનાકુળ સ્વભાવથી વિરુદ્ધ જાતિના છે. તે સંવર-નિર્જરાનાં કારણ કેમ હોઈ શકે? રાગ હોવાથી આસ્રવ-બંધનાં જ કારણ છે. શાસ્ત્રમાં આવો ખુલાસો છે છતાં લોકો આ વાતમાં તકરાર કરે છે.

ચૈતન્યસ્વભાવના અવલંબનથી અંદરમાં જે વિશેષ સ્થિરતા થઈ તેની સાથે ભૂમિકાનુસાર અણુવ્રત કે મહાવ્રત વગેરેના જે વિકલ્પો આવે છે તેમને કથંચિત્—ચરણાનુયોગની અપેક્ષાએ—ઉપાદેય કહેવાય છે, પણ ખરેખર તો તે આસ્રવ છે અને બંધનું કારણ છે. તત્ત્વાર્થ સૂત્રમાં પણ 'शुभः पुण्यस्याशुभः पापस्य' વ્રતાદિ શુભ યોગ પુણ્યાસ્રવનું કારણ છે. ભાઈ! જે ભાવ આસ્રવ-બંધનું કારણ છે તે આદરણીય કેમ હોય? શુભ અને અશુભ રાગ બંને આસ્રવ-બંધના કારણ છે; તેમાં શુભરાગ સારો અને અશુભ રાગ ખરાબ—એમ તફાવત માનનાર મિથ્યાદૃષ્ટિ છે. એવી માન્યતાથી તે ઘોર અપાર સંસારમાં રખડશે. પ્રવચનસારની ૭૭ મી ગાથામાં કહ્યું છે :

એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

પ્રવચનસાર એટલે ભગવાનની દિવ્ય ધ્વનિનો સાર. તેમાં કહ્યું છે કે વીતરાગતા ધર્મ છે, રાગ ધર્મ નથી. જેટલા શુભભાવ, બહિર્જલ્પરૂપ વિકલ્પવૃત્તિ, દ્રવ્યના વિચારરૂપ વિકલ્પ—એ બધું શુભરાગ હોવાથી, બંધનું કારણ છે.

અરે ભાઈ! સાચું સમજવાનો માંડ અવસર મળ્યો ત્યાં સમ્યગ્દર્શનમાં ગોટા વાળે! શું થાય! ભગવાનના વિરહ પડ્યા. પરમાત્મા ત્યાં (મહાવિદેહ ક્ષેત્રમાં) રહી ગયા અને અહીં (ભરતમાં) સર્વજ્ઞદશા પ્રગટ થવાની લાયકાત રહી નહિ; અને જીવો પોતાના સ્વચ્છંદથી વીતરાગ માર્ગની જે કલ્પના કરે છે તે બધી જૂઠી છે. વીતરાગમાર્ગમાં નિશ્ચય—વ્યવહારની સાચી મૈત્રીનું સ્વરૂપ શું છે તેની લોકોને ખબર નથી, અને શુભરાગરૂપ વ્યવહારથી નિશ્ચય પ્રગટ થશે એમ માને છે; પણ રાગથી નિશ્ચય અર્થાત્ વીતરાગતા થાય એમ માનવું તે અજ્ઞાન છે. સ્વરૂપના આશ્રયે પ્રગટતી શુદ્ધિની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, વિનય વગેરે શુભભાવ આવે છે તેથી વ્યવહારે શુદ્ધિ અને શુભની મૈત્રી કહેવાય છે, પણ સમયસાર-કળશના ટીકાકારે, જ્યાં જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રીની વાત આવી છે ત્યાં શુદ્ધ જીવના સ્વરૂપના અનુભવને જ્ઞાનનય કહી છે અને રાગાદિ અશુદ્ધ પરિણામના ત્યાગને ક્રિયાનય કહી છે.

ભાઈ! આ દેહ છૂટશે, બધું છૂટશે; એકલો ક્યાં રહીશ? કારણ કે તું ભવિષ્યમાં રહેવાનો તો છો. રાગ આદરણીય છે એવી દૃષ્ટિ રાખીને તું ક્યાં રહીશ? ભવિષ્યમાં મિથ્યાત્વદશાએ રહીશ. રાગરહિત હું પૂર્ણાનંદસ્વરૂપ છું—એમ સ્વદ્રવ્યના આલંબનથી દૃષ્ટિ થઈ તો જેમ દ્રવ્યનો કદી અભાવ થતો નથી તેમ દ્રવ્યાશ્રિત દૃષ્ટિનો પણ અભાવ નહિ થાય, પછી ભલે સ્વર્ગમાં જાય.

જ્ઞાની સ્વભાવનો આશ્રય વિશેષ કરતો જાય છે. સ્વદ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક, તે આગળ વધતો જાય છે. તેને શુભરાગ આવે ત્યારે અંતરનો વિશેષ આશ્રય નથી. થોડો આશ્રય છે. તે વખતે પણ તેને શુભભાવનો આશ્રય નથી. તે તો અંદર સ્વભાવાશ્રિત શુદ્ધિના બળે આગળ વધતો જાય છે. ભલે શુભભાવો આવે પણ લક્ષ અંદર ધ્રુવ તત્ત્વમાં વર્તતું હોવાથી આગળ વધીને ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે. આનંદસ્વભાવી નિજ આત્માનું જે અવલંબન લીધું તે નિશ્ચય અને સાથે જે રાગ રહી ગયો તે વ્યવહાર. સ્વનો વિશેષ આશ્રય કરતાં

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૮ ]

# સંતોની વાણીમાં સ્વતંત્રતાનો ઢંઢેરો

[ શ્રી સમયસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી ]

**એક ન્યાય સમજતાં જ્ઞાન-કબાટ ખૂલી જાય તેવી આ વાત છે. જેમ ક્રમબદ્ધની વાત બહુ સૂક્ષ્મ ને ગંભીર છે તેમ પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાની ને ભિન્નતાની આ વાત બહુ ગંભીર છે. જો આ એક ન્યાય અંતરથી બેસી જાય તો કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી જળહળ ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થાય તેવી આ વાત છે.**

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. આંગળી પુસ્તકના પાનાને અડતી નથી, આંગળી કોઈને અડી નથી, પોતે પોતામાં છે. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. આત્મા કર્મના ઉદયને અડયો નથી. કર્મનો ઉદય તેના ક્રમમાં આવેલો છે ને રાગ પોતાના કાળે ક્રમમાં આવેલો છે, તે કર્મને સ્પર્શતો નથી.

અહીં તો કહે છે કે ટોપી માથાને અડતી જ નથી. ગજબ વાત છે ને! માણસ માથા પર હાથ ઘસે છે ને હાથ માથાને અડતો નથી. તો દેખે છે તે શું ખોટું દેખે છે?—દેખે છે તે સંયોગથી દેખે છે, તેના સ્વભાવથી દેખતો નથી. પ્રત્યેક પદાર્થ પોતાનામાં અંતર્મગ્ન પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે—એમ શ્રી સમયસારની ત્રીજી ગાથામાં કહ્યું છે.

રોટલો—રોટલી જીભને અડતાં નથી, સ્વાદનું જ્ઞાન જીવને થાય છે તે પોતાને લઈને થાય છે. કેમકે સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વભાવ હોવાથી સ્વાદને જાણે છે પણ સ્વાદને લઈને સ્વાદનું જ્ઞાન થાય છે તેમ નથી.

ચશ્મા છે તે આંખને અડતાં નથી, કાનના આધારે કે નાકના આધારે ચશ્મા રહ્યાં નથી. રોટલીનો ભૂકો થાય છે તે દાંતને અડયો નથી. દરેક દ્રવ્યની પર્યાય તેના કાળે થઈ છે તેને નિમિત્ત શું કરે? નિમિત્ત ભલે હો! પણ નિમિત્ત પર પર્યાયને સ્પર્શતું નથી તેમ જ પર પર્યાયને કરતું નથી.

પાણી ઉનું થાય છે ત્યારે અગ્નિ તેને અડી જ નથી. અગ્નિની પર્યાય અગ્નિને સ્પર્શે છે અને ઊના પાણીની પર્યાય પાણીને પોતાને સ્પર્શે છે. પણ પાણી અગ્નિને સ્પર્શતું જ નથી.

કર્મને લઈને વિકાર થાય તેમ કહે છે ને?—પણ જડ કર્મનો ઉદય જીવને અડતો જ નથી. વળી આંધળા દ્રવ્યને—જડ કર્મને ખબર નથી કે અમે છીએ કે નહીં?—તો તે જીવને વિકાર કેમ કરાવે? જ્ઞાન જાણે છે કે કર્મ છે તેને હું અડતો નથી કે તે મને અડતા નથી. પોતાના ચારિત્રગુણનો તે પ્રકારની વિકૃતિનો કાળ છે તે પ્રમાણે વિકાર થાય છે. શુભભાવ થાય છે તે દેવ-શાસ્ત્ર-ગુરુથી થતાં નથી, તેઓ નિમિત્ત છે. શુભભાવ છે તે જીવની પર્યાયમાં છે. દેવ-શાસ્ત્ર-ગુરુને જીવની પર્યાય સ્પર્શતી નથી.

ગરમ પાણી ચામડી પર છાંટે તો ફોલ્લો થાય. અહીં કહે છે કે તે વાત જ ખોટી છે. પાણી શરીરને અડયું જ નથી. ફોલ્લો શરીરના કારણે થયો છે, પાણીના કારણે થયો જ નથી. કોઈની થપાટ બીજા કોઈને અડતી જ નથી. આ તો બહુ ગંભીર વાત છે. એક પરમાણુ બીજા પરમાણુને અડતાં જ નથી. આમ જાણતા પરથી મારામાં થાય છે ને હું પરનો કર્તા છું એવી કર્તાબુદ્ધિ છૂટી જાય છે ને સમ્યગ્દર્શન થાય છે.

શરીર ઠંડુ હોય ત્યાં હાથ ઘસે એટલે ગરમ થાય, અહીં કહે છે કે હાથ શરીરના તે ભાગને સ્પર્શતો જ નથી. તેથી હાથ ઘસવાથી શરીર ગરમ થાય તે વાત ખોટી છે. હાથના કારણે શરીર ગરમ થયું જ નથી.

સ્વકાળે થાય, પરને અડયા વિના થાય, નિમિત્ત-ઉપાદાન એક સાથે હોય. છતાં નિમિત્ત ઉપાદાનને સ્પર્શે નહીં ને ઉપાદાન નિમિત્તને સ્પર્શે નહીં. ઉપાદાનના કારણે ઉપાદાનમાં કાર્ય થાય એવી વસ્તુસ્થિતિ છે. જૈનદર્શનનું કહેલું તત્ત્વ એટલે વસ્તુસ્વરૂપ છે.

પાણી નીચે અગ્નિ છે માટે ફદિયા પડે એટલું ગરમ થાય છે? કહે છે કે અગ્નિના લઈને એમ થયું જ નથી. તને એમ કેમ લાગે છે ભાઈ? પાણીના ને અગ્નિના પરમાણુઓ એકબીજાને અડતાં જ નથી, સ્પર્શતા જ નથી તો એકના લઈને બીજાનું કાર્ય થતું તેને કેમ ભાસે છે?

અક્ષર લખાય છે તે શીશપેનથી લખાતા નથી, પોતે પોતાથી જ લખાય છે. શીશપેન કાગળને સ્પર્શતી જ નથી. પ્રત્યેક પદાર્થ પોતે પોતાથી ટકી રહ્યાં છે. કેવા છે તે સર્વ પદાર્થો?—કેવા છે તે અનંત આત્માઓ ને અનંત પરમાણુઓ?—કે એક આત્મા બીજા આત્માને અડતો નથી, એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. એક અંગુળના અસંખ્યમાં ભાગમાં અનંત જીવ છે અને એક એક જીવને બે-બે શરીર—કાર્મણ ને તેજસ, એક એક શરીરમાં અનંતા પરમાણુઓ, તેઓ એકબીજાને અડયા નથી તેઓ પોતપોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે.

આંગળી શરીરમાં અડાડતા ખાડો પડયો, અહીં કહે છે કે આંગળીના પરમાણુઓ શરીરને અડયા જ નથી. અનંતા પરમાણુઓ પોતાના ગુણ પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે તોપણ તેઓ એકબીજાને ચુંબતા નથી, સ્પર્શતા નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે, એ રીતે લક્ષમાં ન લે ને અદ્ધરથી માને તો તે વિપરીત દૃષ્ટિ છે.

દરેક આત્મા દરેક રજકણ પોતાનામાં અંતર્મગ્ન ગુણ–પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. બાળકને ચુંબન કરે છે તો કહે છે કે બાળકના મોઢાને માતા–પિતાના હોઠ અડયા જ નથી, ચુંબન—સ્પર્શ થયો જ નથી. તો પાપ નથી ને?—પાપ છે, પણ તે શરીરની ક્રિયાથી નથી પણ પોતાના રાગ ભાવથી છે.

દિવાસળી ઘસીને કેરોસીનના દીવાને-વાટને અડાડે છે ત્યારે વાટ સળગે છે ને? —કે ના, દિવાસળી વાટને અડી જ નથી, તો પછી દિવાસળી કરી શું કામે? ભાઈ, દિવાસળી કોણે કરી? કોણ વાટ આગળ દિવાસળી લાવે? બાપુ, પદાર્થ પોતાની મર્યાદાની જે ભૂમિકામાં છે તેને છોડીને તે બીજા પદાર્થની ભૂમિકામાં જતો નથી. તેની મર્યાદા જ એવી છે. અહો! આ વાત માનવા જાય ત્યાં રાગથી ભિન્ન પડી જાય.

બાપુ, આમાં ઘણી ધીરજ જોવે. પરથી ભિન્ન પાડીને પરને અડતો નથી એવી વસ્તુસ્થિતિ જાણ્યા વિના આ વાત બેસે નહીં. દરેક દ્રવ્યો પોતાના ગુણ–પર્યાયને સ્પર્શે છે તોપણ ભિન્ન દ્રવ્યો પરસ્પર એકબીજાને અડતા જ નથી. એકક્ષેત્રાવગાહે સાથે હોવા છતાં બે દ્રવ્યો એક બીજાને સ્પર્શતા નથી.

ખરેખર તો રાગ પણ ચૈતન્યને સ્પર્શ્યો નથી. પરદ્રવ્ય તો ચૈતન્યને સ્પર્શ્યું નથી પણ રાગનો ભાવ તે પણ શુદ્ધ સ્વભાવને સ્પર્શ્યો નથી. રાગનો ભાવ તે સંયોગીભાવ છે, તે શુદ્ધભાવને સ્પર્શતો જ નથી. આવો માર્ગ ને આવી વસ્તુસ્થિતિ છે. આ સાંભળવા જ કોઈકને મળે. પરની દયા પાળે તો ધર્મ થાશે એમ માને, પણ અરે! તું પરને અડતો જ નથી. તો પરની દયા શી રીતે પામે? ભાવ થાય, પણ પર તરફના વલણવાળો ભાવ છે તે રાગ છે, રાગને તો હિંસા કહી છે. અરાગ તે અહિંસા છે. હિંસા–અહિંસા પોતાની પર્યાયમાં થાય છે, પરની હિંસા–અહિંસા કોણ કરે? પરને અડતો જ નથી ત્યાં દયા પાળે કોણ ને પરને મારે કોણ? જીવ તો માત્ર ભાવ જ કરે છે.

વિભાવભાવ કે સ્વભાવભાવથી પોતે પોતાને ટકાવી રાખે છે, એ રીતે આખું વિશ્વ ટકી રહ્યું છે. પરના લઈને બીજો પદાર્થ ટકી રહ્યો નથી. વિભાવ પરિણામ પોતામાં પોતાથી છે, પરને લઈને નથી. એ પર્યાયની વાત થઈ. હવે જ્યારે દ્રવ્યની વાત જોઈએ તો દ્રવ્ય વિકારી પર્યાયને અડયું જ નથી. અરે! દ્રવ્ય છે તે નિર્મળ

પર્યાયને પણ અડતું નથી. પોતાની નિર્મળ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી, કેમ કે પર્યાયન અસ્તિત્વમાં દ્રવ્યનું અસ્તિત્વ આવતું નથી. દ્રવ્યના અસ્તિત્વનું જ્ઞાન પર્યાયમાં આવે છે પણ વસ્તુ પર્યાયમાં ન આવે. દ્રવ્યનું જેવું સામર્થ્ય છે તેવું જ્ઞાન પર્યાયમાં આવે પણ દ્રવ્ય પર્યાયમાં ન આવે.

એ રીતે દરેક દ્રવ્યનો પથારો પોતાના ગુણ–પર્યાયોમાં છે, વિસ્તાર પામે તે પણ તેમાં પામે છે, પરમાં વિસ્તાર પામે છે તેમ નથી. આવી વસ્તુસ્થિતિ છે. એનુ તાત્પર્ય શું ?—કે પરને અડતો નથી એનું તાત્પર્ય એ કે સ્વ તરફ ઢળવું. પરને કરતો નથી એનો અર્થ એ કે જ્ઞાતા તરફ ઢળવું. પદાર્થની સ્વતંત્રતા જાણવાનું આ તાત્પર્ય છે.

* * *

[ પોતાની અદ્‌ભુતતામાં ...... પાનું ૨૪ થી ચાલુ ]

કરતાં રાગ છૂટી જશે અને પૂર્ણાનંદની અદ્‌ભુત પ્રાપ્તિ થઈ જશે એટલે કે ચૈતન્ય સ્વયં પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જશે. નિર્વિકલ્પ ભગવાન આત્મા નિર્વિકલ્પ દૃષ્ટિ અને સ્વરૂપ-રમણતામાં સમાઈ જાય છે. અતીન્દ્રિય આનંદનું દળ જે જ્ઞાયક પ્રભુ તેનું વિશેષ અવલંબન કરતાં કરતાં આત્મા સ્વયં પોતે પોતામાં સમાઈ જાય છે. અહા ! આવું છે વસ્તુસ્વરૂપ !

—●—

## વૈરાગ્ય સમાચાર :—

* અમદાવાદનિવાસી શ્રી વિરાટભાઈ વોરાના માતુશ્રી જયાબેન મોહનલાલ વોરા તા. ૧૬–૨–૯૫ ના રોજ સ્વર્ગસ્થ પામ્યા છે.

* ઉમરાળા નિવાસી શ્રી નાનજીભાઈ સુખલાલ ( વર્ષ-૭૪ ) તા. ૭–૪–૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શ્રી જયંતીલાલ હલીચંદ વાલજીભાઈ ( વર્ષ–૬૪ ) તા. ૧૫–૪–૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસ શ્રી મહાલક્ષ્મીબેન ભોગીલાલ શાહ ( વર્ષ–૭૯ ) તા. ૩૦–૪–૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્‌ગત આત્માઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો; વારંવાર સોનગઢ આવીને આત્મકલ્યાણની ભાવનાની પુષ્ટિ કરતા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કાર બળે તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

હતું. સમાપન પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના શુભ હસ્તે વિદ્યાર્થીઓને ગુણાંક પ્રમાણે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન-સાહિત્ય વગેરે ભેટ આપવામાં આવ્યું હતું.

* અષાડ સુદ ૭, મંગળવાર તા. ૨૫–૬–૮૫ થી અષાઢ સુદ ૧૫, મંગળવાર, તા. ૨–૭–૮૫—આઠ દિવસ શ્રી નંદીશ્વર અષ્ટાહ્નિકા શાશ્વત પર્વ નવપ્રતિષ્ઠિત શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં 'શ્રી નંદીશ્વર બૃહદ્ મંડપ વિધાન પૂજા' તેમ જ ભક્તિ-પૂર્વક ઉજવવામાં આવશે.

* અષાડ વદ ૧, બુધવાર, તા. ૩–૭–૮૫ ના રોજ 'શ્રી વીરશાસનજયંતી' નો માંગલિક પર્વ શ્રી મહાવીર–કુંદકુંદ દિગંબર જૈન પરગાગમમંદિરમાં પૂજા-ભક્તિના વિશેષ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવશે.

**સુચના :—**

* આગામી અંકથી–જુલાઈ '૮૫ થી આત્મધર્મનું નવું વર્ષ શરૂ થતું હોવાથી ગુજરાતી આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ '૮૫ થી જૂન '૮૬ ના નવા વર્ષનું લવાજમ રૂપિયા નવ સત્વરે મોકલી આપીને વ્યવસ્થામાં સહકાર આપવો.

* જુલાઈ '૮૫ ના અંકથી દરેક માસનો અંક પહેલી તારીખને બદલે દરેક માસની પંદરમી તારીખે પ્રકાશિત કરવામાં આવશે.

*** આત્મધર્મ અંક નં. ૪૯૭–૪૯૮ ની શુદ્ધિ :—**

પાના નં. ૭ ઉપર ચોથી લાઈનમાં 'નાસ્તિકનું' ને બદલે 'નાસ્તિનું' સુધારવું.

*** ગિરનાર-તળેટીમાં ભોજનાલયની વ્યવસ્થા :—**

* ભગવાન શ્રી નેમિનાથસ્વામીના નિર્વાણક્ષેત્ર શ્રી ગિરનારજી (જૂનાગઢ)ની તળેટીમાં દિગંબર ધર્મશાળામાં ત્યાંની સંસ્થા તરફથી યાત્રિકોની સુવિધા માટે કાયમી ધોરણે ભોજનાલયની વ્યવસ્થા કરવામાં આવી છે. *

## —: નવાં પ્રકાશનો :—

"परमागमसार" ( हिन्दी ) પૂ. ગુરુદેવશ્રીના ૧૦૦૮ વચનામૃતનો હિંદીમાં અનુવાદ
अनुभवप्रकाश ( ,, ) દીપચંદજી કાશલીવાળ કૃત—

ઉપરનાં બન્ને ગ્રંથો પ્રેસમાં છપાય છે. મંગાવનારે સોનગઢ અથવા ભાવનગર ટ્રસ્ટનો સંપર્ક સાધવો.

પ્રકાશક :—શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર.

—o—

વૈરાગ્ય-સમાચાર :—

## શ્રી બાબુભાઈ મહેતાની ચિર વિદાય !

ફતેપુરનિવાસી શ્રી બાબુભાઈ ચુનિલાલ મહેતાનું ફતેપુર મુકામે જેઠ સુદ ૩, બુધવાર, તા. ૨૨-૫-૮૫ની સંધ્યાના ૭-૧૫ વાગ્યે દેહાવસાન થયું છે. શ્રી બાબુભાઈ લાંબા સમયથી અસ્વસ્થ હતા; છેલ્લા આઠ દિવસની વિશેષ અસ્વસ્થતા દેહાન્તનું કારણ બની.

શ્રી બાબુભાઈને નાનપણથી જ ધર્મનો પ્રેમ હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમમાં આવ્યા પછી તેમને અધ્યાત્મતત્ત્વનો રંગ લાગ્યો. અનેક જિજ્ઞાસુઓને લઈને તેઓ પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મામૃતઝરતી વાણીનો તથા પ્રૌઢ શિક્ષણવર્ગનો લાભ લેવા પ્રતિવર્ષ સોનગઢ આવતા હતા. પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મવાણીનો પ્રચાર-પ્રસાર ખૂબ વધે-એવી ભાવના તેમને સદૈવ વર્તતી હતી. પંચકલ્યાણક-મહોત્સવો, વેદીપ્રતિષ્ઠાઓ, યાત્રાઓ અને શિક્ષણશિબિરો વગેરે દ્વારા પૂજ્ય ગુરુદેવની સ્વાનુભવજનની અનુપમ વાણીનો સમાજને અધિકતમ લાભ મળે-એવો પ્રયત્ન, તનતોડ મહેનત લઈને, તેઓ કરતા હતા. તેઓ સ્વભાવે સરળ, સુશીલ, શાન્ત અને સહૃદયી હતા. પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઉપકૃતતાની ભાવના વ્યક્ત કરતાં તેઓ અવારનવાર કહેતા હતા : 'ગુરુદેવ ! જો આપ અમને આ કાળે મળ્યા ન હોત તો અમારી શી દશા થાત ? કીચડમાંથી અમને કોણ બહાર કાઢત ? આપે અમને વીતરાગનો સ્વાનુભૂતિપ્રધાન સાચો માર્ગ બતાવ્યો, એ આપનો અમારા ઉપર મહાન મહાન ઉપકાર છે.'

તેમણે પૂજ્ય ગુરુદેવના પ્રભાવનાયોગતળે વીતરાગ માર્ગની અનેકવિધ સેવાનો તો લાભ લીધો હતો, પણ સાથે સાથે તેમણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટ (સોનગઢ)ના ટ્રસ્ટી તરીકે તથા પ્રચારવિભાગના સભ્ય તરીકે રહીને તેમની સેવાનો કીમતી લાભ પણ આપ્યો હતો. તેમની ચિર વિદાય—સમાજને પડેલી, ન પૂરી શકાય એવી, મોટી ખોટ—પરિચિત મુમુક્ષુમાત્રને વૈરાગ્યપ્રેરક શોકસંવેદન ઉત્પન્ન કરે છે.

સ્વર્ગસ્થ આત્મા પૂજ્ય ગુરુદેવે બતાવેલા અધ્યાત્મમાર્ગને આત્મસાત્ કરી શીઘ્ર પરમ પદને પ્રાપ્ત થાઓ—એ જ તેમના પ્રત્યે ભાવભીની વૈરાગ્યાંજલિ.

## સુવર્ણપુરી ( સોનગઢ ) સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સાધનાધામની–સોનગઢની–ખ્યાતિ દિનપ્રતિદિન વધતી જાય છે. બારે માસ અધ્યાત્મજિજ્ઞાસુઓનો પ્રવાહ આ પાવનભૂમિ તરફ વહેતો જ રહે છે. હમણાં ઉનાળાની રજાઓમાં, સખત તડકો અને ગર્મી હોવા છતાં પણ પ્રતિદિન અનેક બસ, મેટાડોર તેમજ કાર દ્વાર યાત્રિકવૃંદ પવિત્ર તીર્થના દર્શનાદિ માટે આવતા જ રહે છે, અને કેટલાય યાત્રીઓ અહીંનો દૈનિક કાર્યક્રમ— પ્રાતઃ જિનેન્દ્રપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસાર ઉપર આધ્યાત્મિક ટેઈપ પ્રવચન, પુરુષો માટે પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ, બપોરે નિયમસાર ઉપર શાસ્ત્રસભા, જિનેન્દ્ર-[illegible]ંજે સમયસાર–કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન અને ત્યારબાદ [illegible] બ્ર. આશ્રમમાં મહિલાશાસ્ત્રસભા—દેખીને અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતા થકા [illegible]—ધાર્મિક પ્રવૃત્તિથી ભરપૂર આવું ધર્મસ્થળ અન્યત્ર ક્યાંય પણ જોવામાં આવતું નથી. [illegible] પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિની અનુપમ શોભા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય, હાલવા–ચાલવામાં નબળાઈ હોવા છતાં પણ સાધારણ ઠીક છે. તેમના પાવન દર્શન તેમજ તેમની સ્વાનુભવરસનિર્ઝરણી અધ્યાત્મ તત્ત્વચર્ચાનો અનુપમ લાભ મુમુક્ષુ સમાજ તેમજ સમાગત મહેમાનોને યથાસમયે મળતો રહે છે.

* વૈશાખ સુદ ૧૦–શ્રી મહાવીર ભગવાનનાં કેવળજ્ઞાન કલ્યાણકનો મંગળ દિન, વૈશાખ વદ ૬–શ્રી સમવસરણમંદિર તથા વૈશાખ વદ ૮–શ્રી સ્વાધ્યાયમંદિરની તેમજ તેમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પાવન કરકમળે પ્રતિષ્ઠાપિત પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાની વાર્ષિક તિથિ અને જેઠ સુદ ૫–શ્રુતપંચમીના મંગલ પર્વો સમૂહપૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવાયા હતા શ્રુતપંચમીના દિવસે 'જ્ઞાન-પૂજા' પણ રાખવામાં આવી હતી.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે પ્રતિવર્ષ રાખવામાં આવતાં વિદ્યાર્થીઓના ઉનાળાની રજાઓનો ધાર્મિક શિક્ષણવર્ગ તા. ૧૩–૫–૮૫ થી તા. ૨૭–૫–૮૫ સુધી રાખવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યમાં 'અનામત–આંદોલન'ના તોફાનો તેમજ પરીક્ષા-ઓની અનિશ્ચિતતા આદિ અનેક કારણો હોવા છતાં પણ ઉત્તમ, પ્રથમ તથા બાળવર્ગમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ શિક્ષણનો લાભ લીધો હતો. ઉત્તમ વર્ગમાં બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે, પ્રથમ વર્ગમાં શ્રી ધરમચંદભાઈ ઝોબાળિયાએ તેમજ બ્ર. સંતોષભાઈ ( વિદિશા ) એ તથા બાળવર્ગમાં બ્ર. શ્રી સુશીલાબેન ( સુરેન્દ્રનગર ) એ શિક્ષણ આપ્યું હતું.

ધાર્મિક શિક્ષણવર્ગનું સમાપન, વિદ્યાર્થીઓની લેખિત તથા મૌખિક પરીક્ષા લઈને, તા. ૨૭–૫–૮૫ ના રોજ પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઇપ-પ્રવચન પછી કરવામાં આવ્યું

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૯ ]

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જેમ તૃણ અને લાકડાથી અગ્નિ તૃપ્ત થતી નથી, ચૌદ ચૌદ હજા૨ નદીઓથી સહિત ગંગા સિંધુ આદિ મહા નદીઓના જલથી લવણ સમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ આ આત્મા પણ ઇચ્છિત સુખોના કારણ એવા આહાર. સ્ત્રી, વસ્ત્ર વિગેરે પદાર્થોથી તૃપ્ત થતો નથી.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, બૃહત્–પ્રત્યાખ્યાન, ગા

* અગ્નિના સંયોગથી જેમ જળ તપ્તાયમાન થાય છે તેમ ...શ્રીના સંયોગથી ( મમત્વથી ) અનંતકાળથી આત્મા તપ્તાયમાન થઈ ...ઓને એમ જાણીને કલ્યાણાર્થી મુનિજનો દેહથી પણ મમત્વ તજી ( આનંદરૂપ ) થાય છે.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લો

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો ૭૨મો જન્મજયંતી–મહોત્સવ

પરમ પૂજ્ય પરમોપકારી કરુણાસાગર ગુરુદેવશ્રીની તપોભૂમિ સુવર્ણધામમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૨મી જન્મ-જયંતી (–દ્વિતીય શ્રાવણ વદ બીજ, તા. ૧–૯–૮૫) અનેકવિધ કાર્યક્રમો દ્વારા અત્યંત હર્ષોલ્લાસપૂર્વક પાંચ દિવસના મહોત્સવરૂપે અમદાવાદના મુમુક્ષુઓ તરફથી ઊજવવામાં આવશે. વિશેષ માહિતી યથાસમયે આત્મધર્મમાં પ્રકાશિત કરવામાં આવશે.

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust, SONGAD–364250

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ

૨૬૩ A શ્રી ધીરજલાલ પી. દેસાઈ ડ્રોઈંગ સર
લોકભારતી, પો. ઓ. ...
સણોસરા
વાયા–સોનગઢ